Wednesday 10, June 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૨૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫




# કરવડ પાસે સીટી બસ અડફેટે બાઈક સવાર બે મજૂરના મોત

## રોડનું કામ ચાલુ હોવાથી વાહનો રોંગ સાઈડથી પસાર થતાં અકસ્માત સર્જાયો : ઘટનાસ્થળે જ બંનેન કરુણ મોત





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** વાપી - મોટાપોંઢા માર્ગ પર આવેલા કરવડ નજીકમાં મંગળવારે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાતા બે મજૂર યુવાનોના મોત નિપજ્યા હતા.

મળતી માહિતી મુજબ આ વિસ્તારમાં એક તરફના માર્ગનું કામ ચાલી રહ્યું હોવાથી તમામ નાના-મોટા વાહનોને રોંગ સાઈડથી પસાર કરવામાં આવી રહ્યા હતા. તે દરમિયાન એક બસ પણ રોંગ સાઈડથી પસાર થઈ રહી હતી.

આ દરમિયાન સામે તરફથી આવી રહેલી બાઈક બસ સાથે ધડાકાભેર અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે બાઈક પર સવાર બંને યુવાનોને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતકોમાં શૈલેષ વેલજીભાઈ, રહે. મોટાપોંઢા તેમજ રિપલ લાહનુંભાઈ, રહે. મોટી પલસણ(કપરાડા)નો સમાવેશ થાય છે. અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ત્યારબાદ પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી.

પોલીસે બંને મૃતદેહોને કબજે લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા અને અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે. રોડના કામ દરમિયાન યોગ્ય ટ્રાફિક વ્યવસ્થા અને સુરક્ષા વ્યવસ્થાના અભાવે અકસ્માત સર્જાયો હોવાની ચર્ચા સ્થાનિકોમાં જોવા મળી રહી છે. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.




# વાપીના આકાશમાં સાંજે હેલિકોપ્ટરના ચક્કરથી અચરજ

## કોપરલી, પરિયા, અંબાચ સહિતના ગામોના આકાશમાં દેખાતું હેલિકોપ્ટર બુલેટ ટ્રેન પ્રોજેક્ટના નિરીક્ષણ માટે હોવાનું સામે આવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** વાપી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી સાંજના સમયે હેલિકોપ્ટર નીચી ઊંચાઈએ ચક્કર મારતું જોવા મળતાં સ્થાનિક લોકોમાં ભારે અચરજ અને ઉત્સુકતા જોવા મળી રહી છે. ખાસ કરીને કોપરલી, પરિયા, અંબાચ તેમજ નજીકના અન્ય ગામોના રહેવાસીઓએ વારંવાર આકાશમાં હેલિકોપ્ટર ઉડતું નિહાળ્યું હતું, જેના કારણે વિવિધ પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ હતી.

મળતી માહિતી અનુસાર આ હેલિકોપ્ટરનો ઉપયોગ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના વિવિધ કામો અને રૂટના નિરીક્ષણ માટે કરવામાં આવી રહ્યો છે. પ્રોજેક્ટ સાથે સંકળાયેલા અધિકારીઓ દ્વારા હવાઈ સર્વેક્ષણ કરી ચાલી રહેલી કામગીરી, અને વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત બાબતોનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે.

સાંજના સમયે હેલિકોપ્ટર સતત એક જ વિસ્તારમાં ચક્કર મારતું હોવાથી ગ્રામજનોમાં શરૂઆતમાં કૌતુક સાથે થોડી ચિંતા પણ જોવા મળી હતી. જોકે બાદમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટના નિરીક્ષણ સાથે તેનો સંબંધ હોવાનું જાણવા મળ્યું છે.

# દમણમાં મતદારયાદી વિશેષ સુધારણા કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૯ :** દમણના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સૌરભ મિશ્રાએ ફોટો મતદાર યાદીના ખાસ સઘન સુધારા (એસઆઈઆર) માટે એક કાર્યક્રમ જાહેર કર્યો છે. ૧ જુલાઈ, ૨૦૨૬, લાયકાત તારીખ હોવાથી, મતદાર યાદી સુધારણા સમયપત્રક મુજબ હાથ ધરવામાં આવશે.

જાહેર કરાયેલી જાહેર સૂચના મુજબ, ૪ જૂનથી ૩ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન બૂથ લેવલ ઓફિસર્સ દ્વારા ડોર-ટુ-ડોર ચકાસણી હાથ ધરવામાં આવશે. મતદાન મથકોનું રેશનલાઈઝેશન પણ ૩ જુલાઈ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

મતદાર યાદીનો મુસદ્દો ૧૦ જુલાઈ, ૨૦૨૬ ના રોજ પ્રકાશિત કરવામાં આવશે. ત્યારબાદ, મતદાર યાદીમાં ઉમેરાઓ, કાઢી નાખવા અથવા સુધારા અંગેના દાવાઓ અને વાંધા ૧૦ જુલાઈથી ૯ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી સ્વીકારવામાં આવશે. દાવાઓ અને વાંધાઓના નિરાકરણ માટેની પ્રક્રિયા ૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. સમયપત્રક મુજબ, અંતિમ મતદાર યાદી ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ પ્રકાશિત કરવામાં આવશે. જિલ્લા ચૂંટણી અધિકારીએ નાગરિકોને અપીલ કરી છે કે તેઓ તેમના સંબંધિત વિસ્તારોના અથવા ચૂંટણી નોંધણી અધિકારી કચેરીનો સંપર્ક કરે અને મતદાર યાદીમાં તેમની વિગતો ચકાસે અને જો જરૂર પડે તો, નિયત સમયગાળામાં દાવા કે વાંધા રજૂ કરે.









### જેસીઆઈ વાંસદાના ૧૮ વર્ષ પૂર્ણ થતાં

# વાંસદામાં રક્તદાન શિબિર યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૦૯ :** જેસીઆઈ વાંસદા રોયલની સ્થાપનાના ૧૮ વર્ષ પૂર્ણ થવાના અવસરે આજે શ્રી હોસ્પિટલ, રાણી ફળિયા, વાંસદા ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ કૌશિકભાઈ, જેસીઆઈ વાંસદા રોયલના પ્રમુખ JFM વિજયભાઈ પટેલ, IPP JFM મિતુલ ભાવસાર, સેક્રેટરી કુલદીપ સુરતી, પૂર્વ પ્રમુખ ધર્મેન્દ્રસિંહ સોલંકી, આશિષ સોલંકી, ધર્મેશભાઈ પુરોહિત, જેસી સાગર પટેલ, જેસી પ્રેમ પંચાલ, શ્રી હોસ્પિટલના ડૉ. લોચન સાહેબ શાસ્ત્રી, અંબુજા સિમેન્ટ (અદાણી ગ્રુપ)ના નિલેશભાઈ પાટીલ, શિવ યાદવ, ઈન્ડિયન રેડ કોડ સોસાયટીના મંત્રી પદ્યુમનસિંહ સોલંકી તેમજ હંમેશા રક્તદાન માટે સૌ પ્રથમ હાજર રહેતા ચેતુભાઈ સુરતી વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમમાં સહયોગી બ્લડ બેંકના ડૉ. ભાગવત પણ હાજર રહ્યા હતાં.

રક્તદાન કેમ્પમાં યુવાનો અને નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કુલ ૨૬ યુનિટ રક્ત એકત્રિત થયું હતું. અને જેમાં થી ૯ યુવા મિત્રો એ પહેલી વાર રક્ત દાન કર્યું.

જેસીઆઈ વાંસદા રોયલ દ્વારા આયોજિત આ રક્તદાન કેમ્પને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા બિરદાવવામાં આવ્યો હતો. સંસ્થાના સભ્યોએ રક્તદાન કરી માનવ સેવાના આ કાર્યમાં યોગદાન આપ્યું હતું. જેસીઆઈ વાંસદા રોયલ દ્વારા ભવિષ્યમાં પણ આવા લોકકલ્યાણકારી અને સમાજ ઉપયોગી કાર્યક્રમો સતત આયોજિત કરવામાં આવે છે.

# સોનવાડીગામના ડૉ. જેરૂલ હળપતિ રાષ્ટ્રપતિનાં વિશેષ પરિસંવાદમાં જોડાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૦૮ :** ગણદેવીનાં સોનવાડી ગામના વતની હાલમાં આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે મદદનીશ પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા ડૉ. જેરૂલ હળપતિને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે યોજાયેલા વિશેષ પરિસંવાદમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતાં.

રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત જન-જાતિય ગૌરવ ઉત્સવ અંતર્ગત આ પરિસંવાદ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ આદિવાસી સ્વતંત્રતા સેનાનીઓના યોગદાનને સન્માનિત કરવાનો તેમજ રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં જનજાતિ સમુદાયોની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો હતો. ૨૫મી મે થી ૯મી જુન દરમ્યાન બિરસા મુંડાના જીવન અને વારસાને સમર્પિત બિરસા નવા ભારતમાં જીવે છે. થીમ હેઠળ જનજાતિય ગરિમા ઉત્સવ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. પરિસંવાદ દરમ્યાન રાષ્ટ્રપતિ એ વિદ્યાર્થીઓનાં શૈક્ષણિક પ્રયાસો સંશોધન કાર્ય અને સામાજીક પ્રતિબદ્ધતાની પ્રસંશા કરી હતી. ડૉ. જેરૂલ હળપતિએ જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ નાં સાદગીભર્યો વ્યક્તિત્વ, વિનમ્રતા અને પ્રેરણાદાયી વિચારોનો તેમના જીવન પર ઊંડો પ્રભાવ પડયો છે. આ અનુભવ તેમના શૈક્ષણિક અને વ્યાવસાયિક જીવનમાં નવી ઉર્જા અને પ્રેરણા પુરી પાડશે. જેના થકી તેઓ વિધાર્થીઓને વધુ સમર્પણ અને પ્રતિબદ્ધતા સાથે માર્ગદર્શન આપી શકશે. ડૉ. જેરૂલ હળપતિ માટે આ સિદ્ધિ માત્ર વ્યક્તિગત સન્માન જ નથી પરંતુ સમગ્ર ગુજરાતના અનુસુચિત જન જાતિ સમુદાયના પી.એચ.ડી માટે ગૌરવ અને પ્રેરણાનો વિષય બને છે.

# જલાલપોરના બોરસીમાં સરકારી જમીન પરના ગેરકાયદેસર ઝીંગા તળાવો તોડી પડાયા



(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૦૯ :** નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના દરિયાકાંઠા વિસ્તાર હેઠળ આવેલા મોજે-બોરસી ગામે સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે બનાવવામાં આવેલા ઝીંગા તળાવો સામે વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મોજે-બોરસીના બ્લોક નં. ૫૧, રી-સર્વે નં. ૫૬ની સરકારી જમીન પર વહીવટી મંજૂરી વિના ગેરકાયદેસર રીતે ઝીંગા તળાવો બનાવવામાં આવ્યા હોવાની ફરિયાદો તથા માહિતી પ્રાપ્ત થતાં જિલ્લા તંત્ર દ્વારા આ મામલાને ગંભીરતાથી લેવામાં આવ્યો હતો. જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારી જનમ ઠાકોર તેમજ મામલતદાર જલાલપોર મૃણાલ ઈસરાણીના નેતૃત્વમાં વિશેષ કાર્યવાહીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજરોજ મામલતદાર જલાલપોરની સીધી દેખરેખ હેઠળ મામલતદાર કચેરીની ટીમ, જિલ્લા જમીન દફતર કચેરીના સર્વેયર, બોરસી ગામના તલાટી કમ મંત્રી, નવસારીના નાયબ પર્યાવરણ ઈજનેર, ફિશરીઝ વિભાગના અધિકારીઓ તથા સ્થાનિક પોલીસ તંત્રની હાજરીમાં સ્થળ પર સર્વે કામગીરી હાથ ધરવામાં આવી હતી. સર્વે દરમિયાન સરકારી જમીન પરના ગેરકાયદેસર દબાણોને ચિહ્નિત કરવામાં આવ્યા હતા.

આ કામગીરીમાં પાંચ JCB મશીનો સહિતની ભારે મશીનરીની મદદથી સરકારી જમીન પર અનધિકૃત રીતે બનાવવામાં આવેલા ત્રણ ઝીંગા તળાવો તોડી પાડવામાં આવ્યા હતા અને સરકારી જમીનને ગેરકાયદેસર કબજામાંથી મુક્ત કરાવવામાં આવી હતી.

જિલ્લા વહીવટી તંત્રે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે સરકારી જમીન પર કોઈપણ પ્રકારનું ગેરકાયદેસર દબાણ સહન કરવામાં આવશે નહીં. આગામી દિવસોમાં પણ આવી ઝુંબેશ વધુ સઘન રીતે ચાલુ રાખવામાં આવશે અને કાયદાનો ભંગ કરનાર તત્વો સામે નિયમ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશ તેમ મામલતદાર જલાલપોરે અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ખેરગામના વાવમાં સ્વચ્છતા જાગૃતિ રેલી, સાયકલ રેલી યોજાઈ




**નવસારી, તા. ૦૯ :** સ્વચ્છ ગામ થકી સ્વચ્છ જિલ્લા, સ્વચ્છ રાજ્ય અને સ્વચ્છ દેશના સંકલ્પને સાકાર કરવા માટે ખેરગામ તાલુકાના વાવ ગામે આજ રોજ સ્વચ્છતા અભિયાન-૨૦૨૬ અંતર્ગત વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત તમામ લોકોએ સ્વચ્છતા અંગેની શપથ લઈ પોતાના ગામ, તાલુકા અને આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. સાથે જ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અંગે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી અને કચરાના યોગ્ય નિકાલ, કચરાના વિભાજન તથા સ્વચ્છતા જાળવવાના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન આંગણવાડી કાર્યકરો, સખી મંડળની બહેનો, ગ્રામજનો તેમજ તાલુકા પંચાયતના કર્મચારીઓની ઉપસ્થિતિમાં સ્વચ્છતા જાગૃતિ રેલી અને સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ ગ્રામજનોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવાનો તથા સ્વચ્છ અને સ્વસ્થ સમાજના નિર્માણ માટે સૌની સહભાગિતાને પ્રોત્સાહન આપવાનો હતો. ગ્રામજનોએ ઉત્સાહભેર કાર્યક્રમમાં ભાગ લઈ સ્વચ્છતા અભિયાનને સફળ બનાવ્યું હતું.

**દમણગંગા ટાઈમ્સ**
ઈ-પેપર ડાઉનલોડ કરવા માટે નીચે આપેલી વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

# બીલીમોરા રેલ્વે પોલીસે ચાર માસુમ બાળકોનું પરિવાર સાથે મીલન કરાવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા,તા. ૦૯ :** રેલ્વે સ્ટેશનો પર મુસાફરોની સુરક્ષા સાથે સામાજિક દાયિત્વ નિભાવવામાં વલસાડ રેલવે પોલીસ અને બીલીમોરા આઉટ પોસ્ટના જવાનોએ પ્રશંસનીય કામગીરી કરી બતાવી છે. સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ભારે ગભરાયેલી હાલતમાં મળી આવેલા ચાર સગીર બાળકોને હેમખેમ ઉગારી પોલીસે માનવતાવાદી અભિગમ અપનાવી તેમના વાલી-વારસો સાથે મિલન કરાવ્યું છે.



પ્રાપ્ત વિગતો અનુસાર,ગત તારીખ ૦૭/૦૬/૨૦૨૬ ના રવિવારે વલસાડ રેલવે પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં મિશન મિલાપ અને મિશન સેફ સ્ટેશન અંતર્ગત ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચનાથી બીલીમોરા આઉટ પોસ્ટનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. બપોરે આશરે ૧૩ઃ૫૨ વાગ્યે ટ્રેન નંબર ૦૯૦૫૫ (ઉધના-બાંદ્રા એક્સપ્રેસ) બીલીમોરા સ્ટેશને આવી ત્યારે તેના આગળના જનરલ કોચમાં ચાર બાળકો શંકાસ્પદ અને અત્યંત ગભરાયેલી હાલતમાં જોવા મળ્યા હતાં.

બીલીમોરા રેલવે પોલીસે તાત્કાલિક કાર્યવાઈ કરી બાળકોની પૂછપરછ કરી હતી,પરંતુ ડરના માર્યા બાળકો શરૂઆતમાં કંઈપણ બોલવા તૈયાર નહોતા. તેમની સાથે કોઈ વાલી પણ હાજર ન હોવાથી પોલીસે સંવેદનશીલતા દાખવી ચારેય બાળકોને ટ્રેનમાંથી નીચે ઉતાર્યા હતા અને પોલીસ ચોકીએ લાવ્યા હતા. ત્યાં તેમને પાણી-નાસ્તો કરાવી, પ્રેમપૂર્વક સમજાવી વિશ્વાસમાં લેતા બાળકોએ પોતાની આપવીતી જણાવી હતી. બાળકોની પૂછપરછમાં જાણવા મળ્યું કે તેઓ દાદરા નગર હવેલીના રહેવાસી છે અને પોતાના ઘરે કોઈને પણ કહ્યા વગર ભાગી નીકળ્યા હતા. તેઓ વાપી સ્ટેશનેથી ટ્રેનમાં બેસીને અહીં સુધી પહોંચી ગયા હતા.

બાળકોના સરનામા મળતા જ બીલીમોરા પોલીસે તુરંત દાદરા નગર હવેલી પોલીસનો સંપર્ક સાધ્યો હતો. તત્પરતા બતાવીને ત્યાંની પોલીસે બાળકોના વાલી-વારસોની શોધખોળ કરી તેમને વલસાડ મોકલી આપ્યા હતા.

વલસાડ રેલવે પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી તમામ ચારેય માસૂમ બાળકોનો કબજો તેમના ચિંતાતુર વાલીઓને સોંપવામાં આવ્યો હતો.

# વાંસદા કોર્ટમાં જેસીઆઈ રોયલ દ્વારા વૃક્ષારોપણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૦૯ :** વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વાંસદા કોર્ટ તથા વાંસદાની વિવિધ સંસ્થાઓ તથા જેસીઆઈ વાંસદા રોયલ ઘવારા કોર્ટ પરિસરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જેસીઆઇ વાંસદા રોયલના પ્રમુખ જેસી એડવોકેટ વિજયભાઈ પટેલ ઘમેનદસિહ સાલંકી, આશિષભાઈ સોલંકી, ઘર્મેશભાઈ પુરોહિત, મીતુલભાઈ ભાવસાર, સાગર પટેલ વગેરેએ હાજર રહી વૃક્ષારોપણ કર્યુ હતું અને પર્યાવરણ સંરક્ષણ માટે જાગૃતિ ફેલાવી હતી.



વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે જયઅંબે ગૃપ આઈરિસ સકુલતથા જેસીઆઈ રોયલ વાંસદા ઘવારા શાળાપરિસરમાં વૃક્ષારોપણ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે જયઅંબે ગૃપ આઈરીસ શાળા તથા જેસીઆઈ વાંસદા રોયલ ઘવારા શાળાના પરિસરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં જેસીઆઇ વાંસદા રોયલના પ્રમુખ જેસી એડવોકેટ વિજયભાઈ પટેલ જયઅંબે ગૃપના રવિભાઈ બન્ને શાળાના આચાર્ય ઘમેનદસિહ સાલંકી, આશિષભાઈ સોલંકી, ઘર્મેશભાઈ પુરોહિત, મીતુલભાઈ ભાવસાર, સાગર પટેલ કુલદીપ સુરતી વગેરેએ હાજર રહી વૃક્ષારોપણ કર્યું હતુ સાથે શાળાના સ્ટાફ ઘવારાવક્ષારોપી પર્યાવરણ બચાવવા માટેનુ આહવાન કર્યું હતું.

# ડાંગમાં શૈક્ષણિક સાધનોનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૦૯ :** ડાંગ જિલ્લાના આંનદ આશ્રમ, ઉખટિયા, આહવા- ડાંગ અને પી.પી. સવાણી વિદ્યાભવન, સુરતના મેહુલ રાજયગુરૂ સૌજન્યથી શાળાના નવા સત્રના પ્રથમ દિવસે તા.૦૮/૦૬/૨૦૨૬ના રોજ આહવા તાલુકાની સરકારી માધ્યમિક શાળા, ધવલીદાડના શાળા પરિવારના વિધાર્થીઓને શૈક્ષણીક સાધન (સ્કુલ બેગ, કંપાસ, નોટબુક વગેરે) ભેટ વિતરણ કરાઈ.



આ વિતરણ ડો. યોગી સ્વામી અરુણાનંદ મુનિના હસ્તે કરવામાં આવી. પ્રસંગે બોલતા સ્વામીજીએ કહ્યું કે આ સરકારી શાળા ધોરણ ૧૦ માં સો ટકા પરિણામ લાવે તો શાળાના બાળકોને ગુજરાતનો એક શૈક્ષણિક પ્રવાસ કરાવશે. તથા આ શાળાના ધોરણ ૧૦ અને ૯ના જે વિદ્યાર્થી ગીતાનો ૧૨ મો અથવા ૧૫ મો અધ્યાય બેમાંથી એક અધ્યાયના ૨૦ શ્લોક મુખપાઠ કરીને બતાવે એને સ્વામીજીના આશ્રમ તરફથી ૧૫૦૦ રૂપિયા રોકડા ઈનામ આપવામાં આવશે. આ પ્રસંગે હાલ સુરતના ડાંગના નિવૃત્ત ગ્રંથપાલ દત્તાત્રેય મોરે પણ સ્વામીજી સાથે ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

શાળાના આચાર્ય શ્રીમતિ ધર્મિષ્ઠાબેન પટેલે સૌને આવકારી આભાર વિધિ કરી હતી.

# અમલસાડમાં નવસારી જિ.પં.ના નવનિયુક્ત પ્રમુખનો અભિવાદન સમારોહ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૯ :** ગણદેવી તાલુકાના અમલસાડ ગામના વતની અને નવસારી જિલ્લા પંચાયતના નવનિયુક્ત પ્રમુખ નિરાલીબેન નિલેશભાઈ નાયકનો ભવ્ય અભિવાદન સમારોહ રવિવારે અમલસાડની મહેતા વાડી, અક્ષત સંકુલ ખાતે યોજાયો હતો. અમલસાડ અક્ષત ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત સમારોહમાં રાજકીય, સામાજિક અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



આ પ્રસંગે સમારોહ અધ્યક્ષ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા કેબિનેટ મંત્રી અને નવસારીના સાંસદ સી.આર. પાટીલે નવનિયુક્ત અધ્યક્ષ નિરાલીબેન નાયકને અભિવાદન પ્રમાણપત્ર એનાયત કરી ઉજ્જવળ કાર્યકાળની શુભકામનાઓ પાઠવી હતી. સી.આર. પાટીલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે,નવી ટીમના નેતૃત્વમાં નવસારી જિલ્લો વિકાસ,સુશાસન અને જનસેવાના નવા માપદંડો સ્થાપિત કરશે તેવી અપેક્ષા છે. આ પ્રસંગે અક્ષત સંકુલ ખાતે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરીને ગ્રીન હરિયાળી તરફ વધુ એક સરાહનીય કદમ માંડવામાં આવ્યું હતું.

ગરિમાપૂર્ણ સમારોહમાં જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાલાલ શાહ, માજી ધારાસભ્ય પિયુષભાઈ દેસાઈ, શંકરભાઈ આમલીયાર, શીતલબેન સોની,ગણદેવી તાલુકા પંચાયત પ્રમુખ પુષ્પાબેન પટેલ, ઉપપ્રમુખ મહેશ હળપતિ તેમજ જિલ્લા પંચાયત સભ્ય મનીષ પટેલ (લુસવાડા), પ્રશાંત શાહ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.આ ઉપરાંત અમલસાડ ગ્રામ પંચાયતના સરપંચ રમેશ પટેલ, તલાટી કમ મંત્રી ભાવિક મિસ્ત્રી, પંચાયતના સભ્યઓ, પાર્થમય ગ્રુપના અજય મહેતા અને દુષ્યંત નાયક સહિતના અગ્રણીઓએ ઉપસ્થિત રહીને નવનિયુક્ત પ્રમુખને વધાવી લીધા હતાં. અભિવાદન સમારોહમાં ગાંધીઘર કછોલી,શ્રી ગણદેવી તાલુકા અનાવિલ મંડળ, અમલસાડ વિ. વિ. કા. સ. મંડળી લિ, અમલસાડ વિભાગ કેળવણી મંડળ, ગણદેવી અમૃતમ હોસ્પિટલ, રોટરી ક્લબ ઓફ ગણદેવી, લાયન્સ ક્લબ ગણદેવી અને હરિ-બોધમ સ્વામિનારાયણ ગ્રુપ-અમલસાડના પ્રમુખો અને સભ્યોએ ઉપસ્થિત રહીને પ્રમુખ નિરાલીબેન નાયકને પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કર્યા હતાં. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન નાયકે સૌનો આભાર વ્યક્ત કરી નવસારી જિલ્લાના સર્વાંગી વિકાસને એક નવી ઊંચાઈએ પહોંચાડવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૦-૦૬-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** જેઠ, દશમ **સૂર્યોદય :** ૦૫ : ૫૦ **સૂર્યાસ્ત** ૧૯ :૧૨, **ચંદ્રોદય** - ૦૫:૪૦ **ચંદ્રાસ્ત** - ૦૪:૫૨ **ચંદ્ર રાશિ :** તુલા, **નક્ષત્ર** - હસ્ત

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો.

**વૃષભ(બ.વ.ઉ) :** આજેસવારે કરવામાં આવેલ ધ્યાન દિવસભર માનસિક રાહત લાવશે. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો.

**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે વધુ તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળોવો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.

**કર્ક(ડ.હ) :** અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે.

**સિંહ(મ.ટ.) :** આજે પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજના દિવસે તમે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો.

**તુલા (ર.ત.) :** આજે તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજે તમારે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે?

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો.

**મકર(જ.ખ) :** આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે.

**કુંભ(ગ.શ.સ.) :** તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે.

## દમણ રેડિયો

**102.3 FM**

आकाशवाणी

બુધવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૬૦૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | | | 4 | | | | 7 |
| 3 | | | 6 | 5 | 8 | | | |
| | 8 | 9 | | | | | | |
| 9 | | 3 | 1 | | 5 | | | |
| | 4 | 1 | | | | 2 | 6 | |
| | | | 4 | | 6 | 3 | | 1 |
| | | | | | | 5 | 8 | |
| | | | 5 | 8 | 3 | | | 9 |
| 5 | | | | 9 | | | 7 | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૦૦નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 3 | 5 | 4 | 6 | 8 | 9 | 2 | 1 |
| 4 | 2 | 9 | 3 | 1 | 5 | 8 | 6 | 7 |
| 6 | 8 | 1 | 7 | 2 | 9 | 5 | 4 | 3 |
| 3 | 4 | 6 | 8 | 7 | 2 | 1 | 9 | 5 |
| 5 | 9 | 7 | 6 | 4 | 1 | 3 | 8 | 2 |
| 8 | 1 | 2 | 9 | 5 | 3 | 6 | 7 | 4 |
| 1 | 6 | 4 | 5 | 8 | 7 | 2 | 3 | 9 |
| 9 | 5 | 8 | 2 | 3 | 4 | 7 | 1 | 6 |
| 2 | 7 | 3 | 1 | 9 | 6 | 4 | 5 | 8 |

## વલસાડ જિલ્લામાં ૧૮૩૫ ટીમ દ્વારા 'રક્તપિત્ત દર્દી શોધ અભિયાન'નો પ્રારંભ



### આશા બહેનો અને ફિલ્ડ વોલંટિયર્સ ઘર-ઘર જઈ તપાસ કરી શંકાસ્પદ દર્દીઓની શોધ કરી રહ્યા છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** ગુજરાતના નિયત કરેલા કુલ ૧૨ જિલ્લા અને બે કોર્પોરેશનના તમામ તાલુકાઓમાં તા.૦૮/૦૬/૨૬થી રક્તપિત દર્દી શોધ અભિયાનનો પ્રારંભ કરાયો છે, જે તા.૩૦/૦૬/૨૦૨૬ સુધી ચાલશે. આ દિવસો દરમ્યાન રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત રક્તપિત્ત દર્દી શોધ અભિયાન (LCDC) હાથ થનાર છે તેમાં વલસાડ જિલ્લાનો પણ સમાવેશ કરાયો છે.

૧૪ દિવસનાં આ અભિયાન દરમ્યાન આશાની ટીમ ઘર-ઘર જઈને ઘરના દરેક સભ્યોની રક્તપિત્ત રોગ માટે તપાસ કરશે. સૌના સહકારથી જ સૌ રક્તપિત્ત રોગને ચોક્કસપણે શીતળા અને પોલીયો રોગની જેમ નાબૂદ કરી શકાશે. આરોગ્ય કર્મચારીને સહકાર આપી આ અભિયાનની સફળતાના ભાગીદાર બનશો. ગત વર્ષે ૨૦૨૫-૨૬ LCDC દરમ્યાન કુલ ૨૦૦ નવા દર્દી શોધવામાં સફળતા મળી હતી. હાલ વલસાડ જિલ્લામાં રક્તપિત્ત રોગનું પ્રમાણદર દર ૧૦ હજાર વસ્તી દીઠ ૧.૦૧ નોંધાયેલું છે. વધુ માહિતી માટે જિલ્લા રક્તપિત્ત કચેરી, સિવિલ હોસ્પિટલ કેમ્પસ. વલસાડનો ફોન નં.- ૦૨૬૩૨-૨૪૩૭૧૦ પર સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

રક્તપિત્ત રોગના ચિહ્નો અને લક્ષણો જોઈએ તો, (૧) શરીર પર આછા, ઝાંખા, રતાશ પડતા બહેરાશવાળા ડાઘા અને (૨) જ્ઞાનતંતુઓ જાડા થાય તેમજ તેમાં દુંખાવો પણ થઈ શકે. રક્તપિત્ત જીવાણુઓથી થતો રોગ છે અને આધુનિક સારવાર એમ.ડી.ટી.થી સંપૂર્ણ મટી શકે છે. વહેલું નિદાન, નિયમિત, સમયસરની પુરતા સમયની સારવારથી રક્તપિત્ત સંપૂર્ણ મટી શકે છે. અને વિકૃતિ અટકાવી શકાય છે. ઉપરોક્ત ચિહ્નો - લક્ષણો જણાય તો આપના ઘરે આવનાર આરોગ્ય કર્મચારી (સ્ત્રી - પુરૂષ) પાસે અવશ્ય ચામડીની તપાસ કરાવો. રક્તપિત્તનું નિદાન તથા સારવાર દરેક સરકારી દવાખાના/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો/સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે દરરોજ વિના મૂલ્યે કરવામાં આવે છે.

### નાનાપોંઢા રેન્જ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસનો ઉજવણી કાર્યક્રમ યોજાયો

## પાનસ વન ઔષધી કેન્દ્રમાં વૃક્ષારોપણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૦૯ :** દક્ષિણ વન વિભાગ હેઠળના નાનાપોંઢા રેન્જ દ્વારા શુક્રવારે વિશ્વ પર્યાવરણ દિવસ નીમીતે પાનસ વન કેન્દ્ર ખાતે ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની ઉપસ્થિતિ વચ્ચે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ વર્તમાન સમયની તાતી જરૂરિયાત છે કે આપણે સૌ સાથે મળી વૃક્ષા રોપણ કરીએ, પ્રકૃતિ એ આપણું અમૂલ્ય ધન છે. સ્વચ્છ હવા, શુદ્ધ પાણી, હરિયાળી વૃક્ષો અને સુંદર પર્યાવરણ આપણા જીવનનો આધાર છે. પર્યાવરણનું સંરક્ષણ કરવું એ માત્ર જવાબદારી જ નહીં પરંતુ આવનારી પેઢી પ્રત્યેની આપણી ફરજ પણ છે. આપણે સૌ એક સંકલ્પ કરીએ કે વધુમાં વધુ વૃક્ષો વાવીશું, પાણીનો બગાડ અટકાવીશું, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડશું અને સ્વચ્છતા જાળવીને પર્યાવરણને સુરક્ષિત રાખીશું. નાનાપોંઢા તાલુકો પંચાયત પ્રમુખ મનિશાબેન પટેલે વૃક્ષોની ઉપયોગિતા સમજાવી હતી. નાનાપોંઢા આરએફઓ નાનાપોંઢા વન અધિકારી જીતેન્દ્ર ભેડાએ જણાવ્યું કે ધરતી માતાને બચાવવા વૃક્ષારોપણ કરવું આપણી તમામની જવાબદારી છે, તેમ જણાવી વિભાગ દ્વારા સમગ્ર ચોમાસા દરમિયાન વૃક્ષા રોપણ કામગીરી ચાલુ રહેશે.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે વૃક્ષા રોપણ કરાયું હતું.મામલતદાર ટી.ડી. ઓ સહિત વન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## વાપી મનપામાં પ્રોપર્ટી ટેક્ષ રીબેટ યોજનામાં રૂા. ૪.૦૪ કરોડનો વેરો ભરાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** વાપી મહાનગરપાલિકા વિસ્તારના મિલકતધારકો જુન માસની પ્રોપર્ટી ટેક્ષ રીબેટ યોજના પ્રથમ સપ્તાહમાં ૧૦ હજાર જેટલા મિલકત ધારકોએ રૂા.૪.૦૪ કરોડનો વેરો ભર્યો છે. વાપી મહાનગરપાલિકા દ્વારા આ વર્ષે ૧૧ ગામ સહીત તમામ મિલકત ધારકોના વેરામાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી અને ગત વર્ષ કરતા ઓનલાઈન વેરો ભરવામાં ૧ ટકા વળતર વધુ હોવાથી પ્રથમ દિવસે રૂા.૮૭.૬૬ લાખનો વેરો જમા થયો હતો. વાપી મહાનગરપાલિકા દ્વારા આ વર્ષે જૂન માસમાં પ્રોપર્ટી ટેક્ષમાં ૫ ટકા રિબેટ અને વેબસાઈટથી ઓનલાઈન ભરવાથી વધુ ૧ ટકા મળી શિક્ષણ ઉપકર સિવાયની રકમ પર કુલ ૬ ટકા રીબેટની યોજના અમલમાં હોવાથી એક સપ્તાહમાં ૯૯૪૪ મિલકત ધારકોએ રૂા.૪.૦૪ કરોડનો વેરો જમા કરાવી રૂા.૧૯.૫૯ લાખનું રિબેટ મેળવ્યું હતું. પ્રથમ સપ્તાહમાં ૪૮ ટકા મિલકત ધારકોએ વેબસાઈટથી ઓનલાઈન વેરો ભર્યો હતો. જુલાઈ માસથી માત્ર વેબસાઈટથી ઓનલાઈન વેરો ભરનારને ૧ ટકા રિબેટ આપવામાં આવશે. જુન માસમાં વેબસાઈટથી ઘર બેઠા ઓનલાઈન વેરો ભરવાથી કુલ ૬ ટકા સુધીનો લાભ મળતો હોવાથી લાભ લેવા ઘરવેરા વિભાગની યાદીમાં જણાવાયું છે.


## વાપી સોશિયલ ગૃપ ચેરિટેબલ ટ્રસ્ટે ૧૩૦૦થી વધુ રોપાનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ ને ધ્યાનમાં રાખી ટ્રસ્ટી કિરણ રાવલ અને ટ્રસ્ટ ગ્રુપના સભ્યો દ્વારા વાપી મહાનગર પાલિકા મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ તેમજ દરેક કાઉન્સિલરોને તેમજ મહાનગર પાલિકાના સ્ટાફ મેમ્બરોમાં વૃક્ષના રોપાઓનું વિતરણ કર્યું. ત્યાર બાદ વાપીના સમાજ સેવક કિરણ રાવલ અને ટ્રસ્ટ ગ્રુપના અન્ય સભ્યોએ વાપી તેમજ આજુબાજુમાં આવેલા હાઈવે વિસ્તાર તેમજ રોફેલ કોલેજ વિસ્તાર, રજ્જુ શ્રોફ મેમોરિયલ હોલ. તેમજ વાપી કબ્રસ્તાન રોડ, ખોજા સોસાયટી તેમજ દમણગંગા નદીની આસપાસના વિસ્તારો વૃક્ષા રોપણ પણ કર્યું હતું. આમ છેલ્લા ૫ દિવસથી ચાલી રહેલા આ વૃક્ષા રોપણના કાર્યક્રમમાં લગભગ ૨૬૦ જેટલા નાના રોપાઓનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને વાપી ગુંજન અંબામાતા મંદિર ખાતે લગભગ ૧૩૫૦ જેટલા નાના રોપા નું જાહેર જનતામાં વિના. મૂલ્યે વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

## વાપી મનપા દ્વારા બઝાર રોડની બોક્ષ ગટરમાં હોલ પડવાનું શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** વાપી મુખ્ય બજાર રોડ નવો બન્યા બાદ બંને તરફ વરસાદી પાણીના નિકાલ માટે મનપા બનાવેલી ગટરમાં મનપા દ્વારા હોલ પડવાનું શરૂ કર્યું છે. વાપીના હાર્દ સમા સરદાર ચોકથી ઝંડા ચોક સુધીના મુખ્ય બઝાર રોડને થોડા મહિના પહેલાં મનપા દ્વારા નવો બનાવવા માટે રોડની બંને તરફ વરસાદી પાણીના નિકાલની બોક્સ ગટર બનાવી હતી. જે બાદ રોડને ૨ ફૂટ જેટલો ખોદી કાઢ્યો હતો અને એ દરમિયાન પીવાના પાણીની લાઈન વારંવાર તૂટતાં નવી લાઇન નાખવામાં આવી હતી. જે બાદ ડામર રોડ નવો બનાવવામાં આવ્યો હતો. જોકે રોડની બાજુમાં બંને તરફ બનાવેલી ગટર અને રોડ વચ્ચેની એકથી બે ફૂટની જગ્યા છોડી હતી. જેમાં દુકાનદારોએ મેટલ નાંખવતા હોલ પડવાનું બાકી હતું તેવામાં થોડાં દિવસો પહેલા રાત્રે વરસાદી ઝાપટું પડતાં બે દુકાનોમાં પાણી ભરાઈ ગયા હતાં જે અંગે દુકાનદારોએ કમિશનરને ફરિયાદ કરી હતી. આખરે મહાનગર પાલિકા દ્વારા બોક્ષ ગટરમાં હોલ પડવાનું શરૂ કર્યું છે જેથી ચોમાસામાં હવે પાણી નહીં ભરાય તેવું તંત્રનું માનવું છે.

## દમણમાં શ્રી ગણેશ મંદિરનો ૨૦મો પાટોત્સવ સંપન્ન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૯ :** એરપોર્ટ રોડ પર આવેલા શ્રી ગણેશ મંદિરનો ૨૦મો પાટોત્સવ રવિવારે શ્રદ્ધા, ભક્તિ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંદિરમાં ખાસ પૂજા, અભિષેક, મહાઆરતી અને પ્રસાદ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. પાટોત્સવમાં મોટી સંખ્યામાં ભક્તોએ ભાગ લીધો હતો, ભગવાન ગણેશના દર્શન કર્યા હતા અને સુખ, સમૃદ્ધિ અને સુખી જીવન માટે પ્રાર્થના કરી હતી. મંદિર પરિસર ભક્તિમય સ્તોત્રો, સ્તોત્રો અને મંત્રોચ્ચારથી ગુંજી ઉઠ્યું હતું. મંદિર ટ્રસ્ટ અને આયોજકોએ જણાવ્યું હતું કે છેલ્લા બે દાયકાથી આ મંદિર ભક્તો માટે આસ્થાનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે. ૨૦મા પાટોત્સવ પ્રસંગે, ભક્તોએ મંદિરની ભવ્ય યાત્રાની ઉજવણી કરી અને ભગવાન ગણેશને પ્રદેશની સમૃદ્ધિ અને પ્રગતિ માટે પ્રાર્થના કરી. મહાપ્રસાદના વિતરણ સાથે કાર્યક્રમનું સમાપન થયું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ ભાગ લીધો હતો.

## વાપીમાં રાજસ્થાન સમાજ દ્વારા રાહુલ જાખડનું સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** ગુજરાતના ખેલાડી રાહુલ જાખડે ચીનના હોંગકોંગમાં તાજેતરમાં પૂર્ણ થયેલી એશિયન અંડર-૨૦ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ૨૦૨૬માં ૭૧૮૫ પોઈન્ટ સાથે ગોલ્ડ મેડલ જીતીને દેશનું ગૌરવ વધાર્યું, અંડર-૨૦ કેટેગરીમાં નવો રેકોર્ડ બનાવ્યો. રાજસ્થાનમાં જન્મેલા અને ગુજરાતમાં ઉછરેલા રાહુલની સફળતા સંદેશ આપે છે કે જો સપના મોટા હોય અને મહેનત સાચી હોય, તો વ્યક્તિ ચોક્કસ પોતાના લક્ષ્યો પ્રાપ્ત કરી શકે છે. રાજસ્થાનના સીકર જિલ્લાના વતની, રાહુલના પિતા ધર્મપાલ છેલ્લા વીસ વર્ષથી વાપીમાં ટાઇલ ફિટર તરીકે કામ કરી રહ્યા છે, અને તેની માતા એક સરળ ગૃહિણી છે. વાપીની વિદ્યાધામ સ્કૂલનો વિદ્યાર્થી રાહુલ, તેની સફળતાનો શ્રેય ગુજરાત સરકાર દ્વારા શરૂ કરાયેલા ખેલ મહાકુંભને આપે છે. તેણે આ ઈવેન્ટમાં ભાગ લીધો અને બલસાડ જિલ્લામાં ગોલ્ડ મેડલ જીત્યો, જેનાથી તે રમતગમત અધિકારીઓના ધ્યાન પર આવ્યો. શનિવારે રાજસ્થાન ભવન ખાતે આયોજિત એક સમારોહમાં, બોર્ડના ટ્રસ્ટીઓ, પી.ડી. બોહરા, સંદીપ બરા, ફૂલચંદ ચૌધરી અને જાટ સમુદાયના વડા ઓમ પ્રકાશ ચૌધરી દ્વારા રાહુલ જાખડ અને તેમના પરિવારને પાઘડી અને માળા પહેરાવીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમારોહના અધ્યક્ષસ્થાને, ટ્રસ્ટી બી.કે. દયામાએ જણાવ્યું હતું કે રાહુલની સિદ્ધિ પર સમગ્ર રાજસ્થાની સમુદાય ગર્વ અનુભવે છે, જેણે તેમના વતન, ગુજરાત અને દેશને ગૌરવ અપાવ્યું છે. તેમણે રાજસ્થાની સમુદાય તરફથી સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી અને આશા વ્યક્ત કરી કે રાહુલ જેવા યુવા રમતવીરો ભવિષ્યમાં કોમનવેલ્થ અને ઓલિમ્પિક રમતોમાં દેશનું ગૌરવ લાવશે.

## ધરમપુરના તિસ્કરી તલાટમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



**વલસાડ, તા. ૦૯ :** વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગ રૂપે ધરમપુરના સામાજીક વનીકરણ, રેન્જ દ્વારા શિવ શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સ્મશાન ભૂમિ, તિસ્કરી તલાટ હેટી ફળિયા ખાતે વૃક્ષારોપણ અને પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વન વિભાગના કર્મચારી/અધિકારીઓ, વનપાલ, વન રક્ષકો તેમજ મહેન્દ્રભાઈ ચૌધરી, સંગઠન પ્રદેશ મહામંત્રી, ગણેશભાઈ બીરારી વલસાડ જિલ્લા સંગઠન મહામંત્રી, શકુન્તલાબેન ચૌધરી, પ્રમુખ તાલુકા પંચાયત ધરમપુર, કેતનભાઈ સંગઠન તાલુકા પ્રમુખ, રણજિતભાઈ ચૌધરી, ઉપપ્રમુખ તાલુકા પંચાયત ધરમપુર, દિનેશભાઈ ભોયા, સરપંચ તીસ્કરી, ગ્રા.પં.ના સભ્યો અને ટ્રસ્ટના પ્રમુખ રાજેશભાઈ મહાકાળ, મંત્રી સુભાષભાઈ ચૌધરી, સહમંત્રી રમેશભાઈ ગાંવિત તેમજ ગ્રામજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. પર્યાવરણનું જતન કરવું એ આપણી સૌની સામુહિક જવાબદારી છે. આજના દિવસે તમામ લોકોએ વધુમાં વધુ વૃક્ષારોપણ કરીને હરિયાળું અને સ્વચ્છ ભારત બનાવવાનો સંકલ્પ લીધો હતો.

### નવા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસે તહેવાર જેવો માહોલ જોવા મળ્યો

## વલસાડની શાળાઓમાં વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક અને ગુલાબ આપી સ્વાગત કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** લાંબા ઉનાળુ વેકેશન બાદ આજથી સમગ્ર રાજય સાથે વલસાડ જિલ્લામાં પણ શૈક્ષણિક સત્ર ૨૦૨૬-૨૭નો ઉત્સાહભેર પ્રારંભ થયો છે. વલસાડ જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ ખાનગી શાળાઓના દ્વાર આજથી વિદ્યાર્થીઓ માટે ખૂલી ગયા છે. આજે પ્રથમ દિવસે શાળાએ પહોંચેલા બાળકોમાં એક અનોખો ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો.

નવા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસે વલસાડની શાળાઓમાં તહેવાર જેવો માહોલ જોવા મળ્યો હતો. શાળા પરિવાર અને શિક્ષકો દ્વારા વહેલી સવારથી જ શાળાના મુખ્ય ગેટ પર ભવ્ય તૈયારીઓ કરવામાં આવી હતી. શાળામાં પ્રવેશતા તમામ વિદ્યાર્થીઓનું શિક્ષકો દ્વારા ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભારતીય સંસ્કૃતિ પરંપરા મુજબ બાળકોને કુમકુમ તિલક કરી, મોં મીઠું કરાવી અને ગુલાબનું ફૂલ આપીને વર્ગખંડમાં -વેશ કરાવવામાં આવ્યો હતો. શાળાઓને ફુગ્ગાઓ અને આકર્ષક રંગોળીઓથી શણગારવામાં આવી હતી. રડતા ચહેરે આવેલા ભૂલકાંઓ હસતા મુખે વર્ગખંડમાં ગયા હતા. ખાસ કરીને બાળવાટિકા અને ધોરણ-૧ માં નવું એડમિશન મેળવનારા નાના બાળકો માટે આજનો દિવસ ખૂબ ખાસ રહ્યો હતો. પ્રથમ વખત ઘરની બહાર નીકળી શાળાના પગથિયાં ચઢતા કેટલાક બાળકોના ચહેરા પર થોડો ડર અને આંખોમાં આંસુ જોવા મળ્યા હતાં.

પરંતુ શિક્ષકોના હેતાળ અને મમતાભર્યા વ્યવહાર તેમજ રંગબેરંગી રમકડાં જોઈને થોડી જ વારમાં ભૂલકાંઓ કિલકિલાટ કરી ઉઠ્યા હતા. જૂના વિદ્યાર્થીઓ પણ લાંબા સમય પછી પોતાના મિત્રોને મળીને ગદગદિત થયા હતા. એકંદરે, વલસાડ જિલ્લામાં આજથી કિલકિલાટ સાથે નવા શૈક્ષણિક વર્ષનું મંગલ મંડાણ થયું છે, જે બાળકોના ભવિષ્યને નવી ઊંચાઈઓ આપશે.

## ધરમપુર તા.પં.માં કોંગ્રેસના વિરોધ પક્ષના નેતા સહિત વિવિધ હોદ્દેદારોની વરણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૯ :** આસુરાવાવ સ્થિત કોંગ્રેસ કાર્યાલય ખાતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશનભાઈ પટેલની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. બેઠકમાં તાજેતરમાં યોજાયેલી તાલુકા પંચાયતની ચૂંટણીમાં ચૂંટાયેલા કોંગ્રેસના સભ્યોને વિવિધ જવાબદારીઓ અને હોદ્દાઓ સોંપવામાં આવ્યા હતા.



બેઠક દરમિયાન જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા તરીકે રાજેશભાઈ પટેલ, ધરમપુર તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા તરીકે દેવું મોકાસી, ઉપનેતા તરીકે રસિકભાઈ રમણ દેસાઈ તેમજ દંડક તરીકે શીતલ એન. ચૌધરીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશનભાઈ પટેલે હોદ્દેદારોને અભિનંદન પાઠવી કોંગ્રેસ પક્ષને વધુ મજબૂત બનાવવા તેમજ લોકોના પ્રશ્નોને પંચાયત સ્તરે અસરકારક રીતે રજૂ કરવા માટે કાર્ય કરવાની અપીલ કરી હતી.

આ પ્રસંગે તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશભાઈ પટેલ, તાલુકા મહામંત્રી મુફિદ પઠાણ, તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યો, કોંગ્રેસ સંગઠનના હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં સંગઠનને વધુ સશક્ત બનાવવા અને જનહિતના મુદ્દાઓને પ્રાથમિકતા આપીને કામગીરી કરવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

## વલસાડમાં જન સેવા સમિતિ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** જન સેવા સમિતિ વલસાડ દ્વારા વર્ષ ૨૦૨૬ની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર મુસ્લિમ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે એક ભવ્ય સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વલસાડ ડાંગના સાંસદ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. વલસાડની જન સેવા સમિતિ, વલસાડ દ્વારા વર્ષ ૨૦૨૬ની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર મુસ્લિમ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે એક ભવ્ય સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડના કસ્તુરબા હોસ્પિટલ નજીક આવેલા રાજપુત સમાજ હોલ ખાતે રવિવારે બપોરે ૨:૩૦ કલાકે આ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાંસદ ધવલભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા અને તેમની સિદ્ધિઓને બિરદાવવા માટે વલસાડ-ડાંગ જિલ્લાના લોકપ્રિય સાંસદ ધવલભાઈ પટેલ અતિથિ વિશેષ પદે હાજર રહ્યા હતા. અને શિક્ષણ ક્ષેત્રે આગળ વધી દેશ અને સમાજનું નામ રોશન કરવા આહવાન કર્યું હતું. આ સમારંભના પ્રમુખ સ્થાને દક્ષિણ ગુજરાતના જાણીતા સર્જન ડૉ. મુસ્તાક કુરેશી (એમ.એસ. સર્જન) ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આમંત્રિત મહેમાન તરીકે જાણીતા તબીબો ડૉ. પરવેઝ શેખ (એમ.એસ.) તેમજ ડૉ. સૈયદ શાહાબુલ હક (એમ.બી.બી.એસ.) એ ખાસ હાજરી આપી હતી. ઉપસ્થિત તબીબો અને મહાનુભાવોએ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દીના વિવિધ ક્ષેત્રો અંગે મૂલ્યવાન માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન જન સેવા સમિતિના પ્રોજેક્ટ ચેરમેન ફિરોજ શેખ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે તેમણે તમામ આમંત્રિત મહેમાનો, વાલીઓ અને કાર્યકરોનો આભાર વ્યક્ત કર્યો હતો. સન્માનિત થનારા વિદ્યાર્થીઓમાં ફૈઝ શેખ સહિતના તેજસ્વી વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી એકેડેમિક એક્સેલન્સ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતાં.

## કવાલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા.૦૯ :** નાનાપોંઢા તાલુકાના કવાલ ગામના સિગાડ ફળિયામાં આવેલ ગૌચરની જમીનમાં વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાના ઉદ્દેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં ગામના ગ્રામજનો તથા યુવા આગેવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



આ કાર્યક્રમ દરમિયાન વિવિધ પ્રજાતિના વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું તેમજ વૃક્ષોના જતન અને સંવર્ધન અંગે ઉપસ્થિતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જોકે, વક્તાઓએ જણાવ્યું હતું કે પર્યાવરણનું સંતુલન જાળવવા અને આવનારી પેઢીને સ્વચ્છ અને હરિયાળું વાતાવરણ આપવા માટે વૃક્ષારોપણ અત્યંત જરૂરી છે. માત્ર વૃક્ષો વાવવાથી જ નહીં પરંતુ તેમના સંરક્ષણ અને નિયમિત સંભાળથી જ પર્યાવરણ બચાવી શકાય છે. આ પ્રસંગે નિરવભાઈ ભરતભાઈ પટેલ, ગણેશભાઈ એલ. નાયકા, મિથ્થુનભાઈ એમ. નાયકા તથા નરેશભાઈ સી. પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં.

તમામ આગેવાનો અને ગ્રામજનોએ વધુમાં વધુ વૃક્ષો વાવીને પર્યાવરણ સંરક્ષણ માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થતાં ગ્રામજનોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

# વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી : જાત સાથે છેતરપિંડી ?

## દર વર્ષે ૫મી જૂને ઉજવાતા વિશ્વ પર્યાવરણ દિન માત્રને માત્ર ઔપચારિકતા : ઉજવણી પછી પણ જંગલોની કત્લેઆમ ચાલું : દેશ અને રાજયોમાં વનસમૃદ્ધિનો ટકો મુંડો : સિંહોનો પ્રાણહરણ કેનાઈન ડિસ્ટેમ્પર રોગ સામે સાવચેતી જરુરી : ગુજરાતના રાજયપાલની સાદગી પ્રશસંસનીય, પરંતુ તેમની મુલાકાત સમયે પોલીસ લોકોને ઘરકુકડી બનાવે એ કયા સુધી યોગ્ય ?

### દમણગંગાના તીરેથી



- પ્રવિણસિંહ પરમાર

(વરિષ્ઠ પત્રકાર, વાપી)

મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

ચાલુ માસની ૫મી તારીખે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી રંગે ચંગે કરવામાં આવી. આ દિવસે પર્યાવરણની જાળવણીમાં મહત્વનું પરિબળ એવાં વૃક્ષોનું વાવેતર ઠેર ઠેર કરવામાં આવતુ હોય છે. આપણે દર વર્ષે આવા ઘણાં ખાસ દિવસોની ઉજવણી કરતાં રહ્યા છે. પરંતુ આવી ઉજવણીઓ કદી પરિણામદાયી બની નથી. અમારા મતે આ બધી ઉજવણીઓ જાતને છેતરવા જેવી જ હોય છે !

અમે દરેક ઉજવણીઓ સંદર્ભમાં અમારી કોલમમાં ચર્ચા કરતાં રહ્યાં છે. અને જણાવતા રહ્યા છે કે આ ઉજવણીઓથી વિપરિત જ બધુ થતુ આવ્યું છે.

તા. ૭-૬-૨૩ ના અમારા 'વિશ્વ પર્યાવરણ દિન' અંગેના લેખનું મથાળું હતું ''નાણામંત્રી કનુભાઈ દેસાઈ વાપીને વૃક્ષોચ્છાદિત રમણીયનગર બનાવશે ?''

તા. ૪-૬-૨૫ ના અમારા લેખનું મથાળું આ હતું, ''વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કે આત્મા સાથેની છેતરપિંડી ?''

અમારા કહેવાનું તાત્પર્ય એ જ છે કે વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે આપણે વૃક્ષોનું વાવેતર કરી અખબારોમાં બડી બડી હાંકીએ છીએ કે ફલાણા વિસ્તારમાં સેંકડો વૃક્ષોનું વાવેતર કરાયું. વર્ષોથી આવું ફેકવામાં આવી રહ્યું છે. છતાં, વાસ્વતિકતા એ છે કે સમગ્ર દેશના તમામ રાજયોમાં જુદા જુદા વિકાસના નામે વૃક્ષોનો ભોગ પહેલા લેવામાં આવે છે.

પર્યાવરણની સમતુલા માટે દેશ અને રાજયોમાં ૩૩ ટકા ફોરેસ્ટ કવર હોવું જોઈએ. પણ આપણા દેશમાં ફોરેસ્ટ કવર ફકત ૨૧ ટકા જ છે !

વધુમાં વધુ વનસંપત્તિ ધરાવતા રાજયોમાં મિઝોરમ (૮૫.૬૮ ટકા), અરુણાચલ પ્રદેશ (૭૯.૩૩ ટકા), મેઘાલય (૭૬.૪૮ ટકા) હોવાનું જણાયું છે.

નેશનલ ફોરેસ્ટ પોલીસી મુજબ, અમે ઉપર જણાવ્યું એમ, કુલ ભૌગોલિક વિસ્તારનો ૩૩ ટકા ભાગ વૃક્ષો હેઠળ હોવો જોઈએ. પરંતુ વિકાસના હડકવાએ વૃક્ષોની કુરપણે કતલ કરી નાંખવામાં આવી છે.

વિકાસની હરણફાળના નમે ગુજરાત રાજયમાં પણ વૃક્ષોને ભોંયભેગા કરી નાંખવામાં આવેલાં છે. ગુજરાતમાં ફોરેસ્ટ કવર ૩૩ ટકાના બદલે હવે ૭.૬૫ ટકા જ રહ્યું છે !

જીલ્લા પ્રમાણે ડાંગમાં ૭૧.૪૭ ટકા વનવિસ્તાર, નર્મદા જીલ્લામાં ... વનવિસ્તાર જણાયો છે.

ગુજરાતના બાકીના જીલ્લાઓમાં ગ્રીનકવર માત્ર ૧૦ થી ૧૨ ટકા જ છે!''ગ્લોબલ ફોરેસ્ટ વોચ''ના તાજેતરના હેવાલ પ્રમાણે, ગુજરાતમાં વર્ષો વર્ષ વૃક્ષો એટલે કે વિસ્તાર સંકોચાતો જાય છે. એવી વાત પણ છે કે નર્મદા અને ડાંગ જીલ્લામાં ટ્રીકવરને વધુ નુકશાન થયું છે. ગુજરાતમાં ફોરેસ્ટની ૧૩૧૩.૩૮ હેકટર જમીન અન્ય હેતુ માટે પરિવર્તિત કરી નાંખવામાં આવી છે.

૮૫૪.૬૩ જમીન રોડ અને ટ્રાન્સમિશન લાઈન માટે ડાયવર્ટ કરવામાં આવી છે. ૪૨૧.૩૧ હેકટર જમીન ઉદ્યોગો અને ટાઉનશીપ માટે ખેરાત કરી દેવામાં આવી છે.

આ રીતે રાજકારણીઓને અફસરશાહીની મીલીભગતને કારણે વનસંપત્તિનો નાશ કરાઈ રહ્યો છે. જેના પરિણામે પર્યાવરણને ભારે નુકશાન પહોચી રહ્યું છે. વૃક્ષોની બેફામ કતલને કારણે કુદરતી આફતો લાઈન લગાવી રહી છે !

આપણે એક વૃક્ષ મા ના નામે ના સુત્ર પ્રમાણે વૃક્ષારોપણનું નગારુ તો વણાયતા રહીએ છીએ પરંતુ વાવેલા વૃક્ષોની કેવી અને કેટલી માવજત કરવામાં આવી છે તે કોઈ જોતુ નથી એટલે વાત ઠેરની ઠેર રહેતી હોય છે. વૃક્ષોની હત્યા સામે અવાજ ઉઠાવતું સંગઠન પણ નથી.

**વાસોણા સફારી કબ્રસ્તાન !**

સંઘપ્રદેશ દાદરા નગર હવેલીના વાસોણા લાયન્સ સફારી પાર્કની શરુઆતમાં સોનલ નામની સિંહણ સાથે કુશ નામનો સિંહ અને સીલ્કી નામની સિંહણને પણ વસાવવામાં આવી હતી. કમનસીબે કુશ અને સીલ્કી અનુક્રમે વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬ માં ટીકસ નામની પ્રાણઘાતક બીમારીને કારણે મૃત્યુ પામ્યા હતાં. એ પછી પણ જુનાગઢથી જે સિંહોને વાસોણાના લાયન સફારી પાર્કમાં લાવવામાં આવ્યા હતાં તે આ ડિસ્ટેમ્પર નામના ખતરનામ રોગના કારણે પ્રભુને પ્યારા થઈ ગયા હતાં.

થોડા વર્ષ પહેલા એવી યોજના પણ હતી કે ગુજરાતના ગીરમાં સિંહોને કેનાઈન ડિસ્ટેમ્પર નામનો રોગ લાગુ પડે તો સિંહોનું અસ્તિત્વ જોખમાય એમ હોઈ કેટલાક સિંહોને મધ્યપ્રદેશના કુનો અભયારણ્યમાં સ્થળાંતર કરવા. પરંતુ ગુજરાત સરકાર આ વાતે સંમત ન હોવાથી આયોજન પર બ્રેક લાગી ગઈ હતી.

હવે એમ જરુર લાગે છે કે આવા પ્રાણઘાતક રોગમાં સિંહની જાત જ લુપ્ત થઈ જાય એના બદલે કેટલાંક સિંહોને દેશના અન્ય ગીર જેવા વાતાવરણવાળા અભયારણ્યમાં સિંહોનું સ્થળાંતર કરવું જોઈએ.

### ગીરના સિંહો પર ઘાતક રોગચાળાની આફત?

છેલ્લાં કેટલાક સમયથી ગુજરાતના એકમાત્ર એસિયાટિક સિંહોના નિવાસસ્થાન એવા ગીરમાં કેનાઈન ડિસ્ટેમ્પર નામનો ઘાતક રોગ સિંહોમાં ફેલાયાની વાતોએ જોર પકડેલું છે. આ રોગની ઝપેટમાં આઠ ઉપરાંત સિંહોના રામ રમી ગયાની વાત છે. પણ વનખાતુ મગનું નામ મરી પાડવા તેયા ન હોવાનું જણાય છે. મતલબ, વનખાતું આ રોગના ફેલાવા બાબત મૌન ધરણ કરી કરેલ છે.!

છેલ્લા સમાચાર પ્રમાણે ધારી ગીર પૂર્વમાં એક ગર્ભવતી સિંહણ સમયસર સારવાર ન મળતાં મોતને ભેટી હોવાનો હેવાલ છે.

કેનાઈન ડિસ્ટેમ્પર નામનો આ રોગ ખુબ જ ખતરનાક છે. આ રોગ લાગ્યા પછી વન્યપ્રાણીને બચવાની કોઈ તક જ રહેતી નથી. વળી સિંહો સમુહમાં રહેતા હોવાથી રોગચાળો ઝડપથી ફેલાવાની શકયતા વધુ રહેતી હોય છે.

### રાજયપાલ આચાર્ય દેવ્રવતની વાપીની મુલાકાતે કફર્યુ જેવો માહોલ બનાવી દેવાયો!

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રત તેમની સાદગી અને મિલનસાર સ્વભાવ માટે જાણીતા છે. તેઓ ગઈ તા. ૬-૬-૨૬ ના રોજ ગાંધીનગરથી વાપી વંદેભારત ટ્રેનમાં આવ્યા ત્યારે પણ સામાન્ય પ્રવાસીની જેમ પ્રવાસ કર્યો હતો. અને સાથી મુસાફરોના ખબરઅંતર પુછી હતી. તેમણે ઉમરગામ તાલુકાના દહેરીમાં રાત્રી નિવાસ કરેલ અને અનુસુચિત જાતિ પરિવારના ઘરે સાદુ ભોજન પણ લીધું હતું.

આમ, ગુજરાતના રાજયપાલ ખરા અર્થમાં લોકાભિમુખ ગણાય. પરંતુ ઉમરગામ પછી તેમની રાજયપાલની વાપી ચલામાં એક સ્થળે ૬-૬-૨૬ ના દિવસે મુલાકાત ગોઠવવામાં આવી હતી. રાજયપાલની આ મુલાકાતને કારણે વાપી પોલીસે વાપી આઝાદનગરથી ચલા મેઈન રોડનો સમગ્ર ટ્રાફિક પુરેપુરો બંધ કરી દીધો હતો. આ માર્ગ ઉપર ઠેર ઠેર પોલીસો ગોઠવી દેવામાં આવ્યા હતાં. એકલા વાહન જ નહીં પોલીસે રહીશોને પણ પોતાના નિવાસસ્થાનની બહાર માર્ગ ઉપર જવા દેતા નહોતા.

ટુંકમાં જણાવીએ તો પોલીસે રાજયપાલની મુલાકાત લઈ કરફયુ જેવો માહોલ સર્જયો હતો. પોલીસની આવી સખ્તાઈ બે કલાક ચાલી હતી !

રાજયપાલ દેવવ્રત આવી બ્રીટીશ વખતની સખતાઈ સામે પોલીસને નિર્દેશ આપશે ?

# આપણે બાદબાકીથી જીવીએ છીએ

### વાસ્તવિકતા



સ્વામી સચ્ચિદાનંદ

(ગતાંકથી શરુ)

અર્થાત્ મિત્ર વિનાના છીએ. ૩૬. શત્રુપક્ષની તુલનામાં આપણી પાસે મોટા પ્રમાણમાં અને ચઢિયાતાં શસ્ત્રો જોઈએ. તો જ તમે સારી રીતે યુદ્ધ કરી શકો. આપણે હંમેશાં ઊતરતાં શસ્ત્રો સાથે યુદ્ધ કર્યા છે.

જેમાં સૈનિકોની મોટી ખુવારી વેઠવી પડી છે. યુદ્ધ માટે માત્ર વીરતા જ પર્યાપ્ત નથી. ચઢિયાતાં શસ્ત્રો પણ જરૂરી છે. તેનાથી સૈનિકોમાં આત્મબળ વધે છે. પોતાની ખુવારી ઘટે છે અને શત્રુઓની વધે છે. બળવાન પ્રજા જ બળવાન દેશ બનાવતી હોય છે. જે પ્રજા બળવાન નથી હોતી તે બળવાનોનો ત્રાસ સહતી હોય છે. દુર્બળતા દુંખદાયી હોય છે. સાચા ચિંતનથી પ્રજા બળવાન બનતી હોય છે.

ભારતની પ્રજાને શસ્ત્રવિહોણી- શસ્ત્રવિમુખ બનાવનારાએ દુર્બળ બનાવી છે. તેથી દેશ દુર્બળ થયો છે. તેથી આક્રમણો થતાં રહ્યાં છે. દેશ હારતો રહ્યો છે, તેથી જ આપણે જરૂર હોય ત્યાં પણ આક્રમણ કે પ્રત્યાક્રમણ નથી કરી શકતા. પ્રજા શસ્ત્રધારી બને તો તેનું ચિંતન બદલે તો જ દેશ બળવાન બને આક્રમણો દ્વારા પણ આક્રમણોથી મુક્તિ મેળવાય. પૂરી પ્રજાને શસ્ત્રપ્રેમી અને શસ્ત્રધારી બનાવો. શસ્ત્રત્યાગના અભિશાપથી પ્રજાને છોડાવો આ કામ સાધુ-સંત-ગુરુજનોએ જ કરવાનું છે. એકલી માળા નહિ, એક હાથમાં માળા અને બીજા હાથમાં તલવાર શોભે. ૪૩. ઋષિઓ શસ્ત્રવિદ્યા શિખવાડતા, શસ્ત્રો ધારણ કરતા અને યુદ્ધ પણ કરતા. ચાલો ઋષિમાર્ગ અપનાવીએ. સ્ત્રીઓને શસ્ત્રધારી બનાવો. છેડતીઓ અને બળાત્કારો અટકી જશે. બહાદુર સ્ત્રીઓ બહાદુર જનેતાઓ બનશે. નમાલાપણું ટળશે. બીજું કાંઈ નહિ તો પ્રત્યેક યુવતી મરચાનો સ્પ્રે કે મરચાંની પોટલી જરૂર રાખે.

શસ્ત્ર પાછળ ખર્ચેલો પૈસો સોના પાછળ ખર્ચેલા પૈસા કરતાં વધુ મહાન છે. શસ્ત્રધારીઓ યોદ્ધા પેદા કરશે અને યોદ્ધાઓ દેશનું અને ધર્મનું રક્ષણ કરશે. શસ્ત્રવિમુખો, ન દેશનું, ન ધર્મનું રક્ષણ કરી શકે. તેમની નજર સમક્ષ, અનેક વાર દેશ લુટાયો, ધર્મ લુટાયો, સ્ત્રીઓનાં શિયળ લુટાયાં, મંદિરો અને મૂર્તિઓ તૂટી અને લૂંટી. શું ન થયું? હવે તો શસ્ત્રધારી બનો.સર્વોચ્ચ શસ્ત્રધારીઓ વિશ્વ ઉપર રાજ કરે છે. શસ્ત્રવિમુખો પોતાના દેશને પણ સાચવી શકતા નથી. શસ્ત્રો અને અહિંસાને વાંધો નથી. મેળ છે. શસ્ત્ર રાખવામાત્રથી કેટલીક હિંસાઓ ટળી જાય છે. શીખોને ગુરુ ગોવિંદસિંહજીએ શસ્ત્રધારી બનાવ્યા. શીખો હિંસાવાદી ઝઘડાખોર નથી હોતા. પણ નમાલા પણ નથી હોતા. હવે ગુરુ ગોવિંદસિંહજી પ્રસ્તુત છે. શસ્ત્રવિમુખ કરનારા -સ્તુત નથી. પૂરી -જા ગુરુજીના પગલેપગલે ચાલે. ગુરુજીએ શસ્ત્રને પંથનું અંગ બનાવ્યું. પવિત્ર બનાવ્યું. આપણે પણ તેમ કરીએ. જે ધર્મ પ્રજાને બહાદુર થવાની પ્રેરણા નથી આપતો તે સોનાનો હોય તોપણ મારે મન ધૂળ બરાબર છે. ૧. એકતા એટલે સરવાળો. સરવાળાથી શક્તિ વધે છે. બાદબાકીથી શક્તિ ઘટે છે. આપણે બાદબાકીથી જીવીએ છીએ. ૨. જે પ્રજા પાસે એકતાનાં મજબૂત કારણો ન હોય અને વિભાજનનાં ઘણાં કારણો હોય તે વિભાજિત થઈને આપોઆપ દુર્બળ થતી હોય છે. ૩. આપણી પાસે એકતા કરતાં વિભાજનનાં ઘણાં કારણો છે. તેથી આપણે દુર્બળ છીએ. વિભાજનનાં મુખ્ય કારણો જોઈએ ૧. વર્ણવ્યવસ્થા, જાતિવાદ, જ્ઞાતિવાદ, પ્રાન્તવાદ, સંપ્રદાયવાદ, પંથ અને પરિવારવાદ, ગુરુવાદ વગેરે અનેક વિભાજક તત્ત્વો આપણને એક થવા દેતાં નથી અને વિભાજન કરાવે છે. ૪. વર્ણવાદથી બ્રાહ્મણ અને શૂદ્ર કે અંત્યજની એકતા નથી થતી. ૫. જાતિવાદથી હજારો જાતિઓ હોવાથી એકતા નથી થતી. જાતિ કુદરતી છે. ૬. જ્ઞાતિવાદથી પણ વિભાજન થાય છે. જેમ કે સુથાર-લુહાર, થાંચી-મોચી વગેરે જ્ઞાતિ ધંધા—આધારિત હોય છે. કુદરતી નથી. ૭. પ્રાંતવાદથી પણ વિભાજન થાય છે. જેમ કે બંગાળી, બિહારી, મરાઠી, ગુજરાતી, પંજાબી વગેરે. અમેરિકામાં કેલિફોનિર્યામાં રહેનારો કે ટેક્ષાસ કે ન્યૂ જર્સીમાં રહેનારો પ્રાંતીય નામથી નથી ઓળખાતો. માત્ર અમેરિકન નામે જ ઓળખાય છે. ૮. આપણે હજારો સંપ્રદાયો કરી બેઠા છીએ. પ્રત્યેક સંપ્રદાય, પંથ, પરિવાર વિભાજન કરે છે. સ્થાપક કે સંચાલકને ભગવાન માનીને પૂજે છે. તેથી પ્રત્યેક સક્ષમ વ્યક્તિ પોતાનો વાડો બાંધે છે. કારણ કે તે પૂજાય છે. મહાન બને છે. સેવકો તથા ભેટ પૂજાનો મોટો લાભ મળે છે. તેમના વારસદારો યોગ્યતા વિના પણ મહાન બનીને પૂજાય છે. ખરેખર તો આવાં તત્ત્વો વિભાજક હોવાથી પ્રજાને દુર્બળ બનાવી દુઃખી કરવાનાં દોષી હોય છે. પણ દોષી પૂજાય છે. તેથી પ્રજા દુઃખી થાય છે. ૯. આવો જ વિભાજક ગુરુવાદ પણ છે. જેટલા ગુરુ તેટલાં વિભાજન, આનું મૂળ પ્રથામાં છે. ખરેખર તો ગુરુ કરાવવા જરૂરી નથી. જ્ઞાન માટે ગુરુ હોય તો નવ્વાણું ટકા ગુરુઓ પોતે જ જ્ઞાની નથી હોતા. તે શિષ્યોને શું જ્ઞાન આપે? હા, વિભાજન જરૂર કરાવે. આવી ગુરુ-થાથી મુક્ત થવું ઘટે. અને હા, જ્ઞાનની જ જરૂર હોય તો બહુ ગુરુવાદી થવું. અર્થાત્ બધા જ્ઞાની પુરુષોને ગુરુ બનાવવા, જે વિભાજન ન કરે.

૧૦. પ્રત્યેક વિભાજક કારણોથી મુક્ત થયેલી પ્રજા એકતાનું સુખ અને શક્તિ મેળવતી હોય છે.

૧૧. એકતા ગાય-ગાયમાં, ગાય-ભેંસમાં, ગાય-બકરી વગેરેમાં થઈ શકે. સૌ પોતે પોતાની જાતિઓ- જ્ઞાતિઓને સાચવીને એક થઈને રહી શકે છે. ૧૨. એકતા ગાય અને સિંહમાં કે ગાયમાં અને વાઘમાં વિશ્વમાં ન થઈ શકે. બે પ્રજામાં એક ગાય જેવી અને બીજી વરુ જેવી હોય તો તેની એકતા ન થઈ શકે. કદાચ થાય તો તેમાં ગાયોનું નિકંદન નીકળી જાય. ઘાસાહારી અને માંસાહારીની એકતા ન હોય. ૧૩. એકતા જુવાર-બાજરી-ગુવાર—મગમાં થઈ શકે. આ બધાં એક જ ખેતરમાં સાથે ઊગી શકે. ફળી-ફૂલી શકે. પણ એકતા બાજરી અને દાભડામાં, બાજરી અને નિંદામણમાં ન થઈ શકે. કદાચ કરો તો બાજરી દબાઈ જાય અને નિંદામણ છવાઈ જાય અને ખેતરમાં બાજરીનું નામ ન રહે અને નિંદામણ વ્યાપી જાય. ૧૪. એકતા શાહુકાર અને ચોરની, ધર્માત્મા અને દુષ્ટાત્મા, રાષ્ટ્રભક્ત અને ગદાર, દેવો અને રાક્ષસોની ન થઈ શકે. કદાચ કરો તો શાહુકાર વગેરે સગ્રનોનો નાશ થઈ જાય. ૧૫. જો તમારે બાજરી વગેરેની સારી ખેતી કરવી હોય તો નિંદામણને દૂર કરવું જ જોઈએ. નિંદામણની મૈત્રી-ગાઢ મૈત્રી વધારનારા ઉત્તમ ખેતી ન કરી શકે. તે ખેતીનો સર્વનાશ કરી બેસે.૧૬. એકતા જરૂરી છે જ. પણ કોની સાથે? તેનો વિવેક પણ જરૂરી છે. વિવેક વિનાની આંધળી એકતા સર્વનાશ કરાવી શકે છે. ૧૭. સર્વ પહેલાં વિભાજક પરિબળોથી છૂટો, તો એકતા આપોઆપ થવાની છે. વિભાજકોને પૂજવાનું બંધ કરો. આટલું કરો તોપણ બહુ થઈ ગયું.

શરીરનાં ત્રણ અંગો મહત્ત્વનાં છે : ૧. મસ્તિષ્ક ૨. હૃદય અને ૩. કરોડરજ્જુ, પૈસો એ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રની કરોડરજ્જુ છે. જો કરોડરજ્જુ ન હોય તો શરીર લોચો થઈ જાય તેમ જો પૈસો ન હોય તો પૂરું રાષ્ટ્ર લોચો થઈ જાય. એટલે સ્વાભિમાનપૂર્વક ટટ્ટાર ઊભું રહેવું હોય તો વ્યક્તિ અને રાષ્ટ્રને સમૃદ્ધ બનાવવું જોઈએ. દરિદ્રતા અને સ્વાભિમાન એકસાથે ન રહી શકે, તમે કોઈ એકાદ વ્યક્તિને તો સુદામા બનાવી શકો. પણ પૂરા રાષ્ટ્રને સુદામા બનવાનો આદર્શ ન આપી શકાય.

૧. રાષ્ટ્રીય ગરીબી કે સમૃદ્ધિનું મૂળ અર્થતંત્ર છે. ૨. પૂર્વનાં કર્મ, પ્રારબ્ધ કે દૈવીકૃપા—અવકૃપાથી એકાદ વ્યક્તિ કદાચ આવી થઈ શકે. પૂરું રાષ્ટ્ર ન થઈ શકે. ૩. પૂરા રાષ્ટ્રનાં પૂર્વનાં કર્મો કે પ્રારબ્ધ ન હોય. ૪. વિશ્વ મહત્ત્વનાં ત્રણ અર્થતંત્રો ઉપર ચાલતું રહ્યું છે : ૧. અમિરકન પૂંજીવાદી અર્થતંત્ર, ૨. શ્રમવાદી સામ્યવાદી અર્થતંત્ર અને ૩. ગાંધીવાદી અર્થતંત્ર, ૫. ભારતને આઝાદીના વારસામાં ગાંધીવાદી વિચારધારા પણ મળી. અને અર્થતંત્ર પણ ગાંધીવાદી મળ્યું. ૬. ગાંધીવાદી અર્થતંત્રમાં પૂંજીવાદ નથી. મોટાં-મોટાં કારખાનાં. **(વધુ આવતા અંકે)**

# ધમાલ ૪ ફિલ્મ ૧૦મી જુલાઈએ રિલીઝ થશે




**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૯ :** બે અઠવાડિયા પહેલા એવા અહેવાલો હતા કે હવે આલિયા ભટ્ટ અને શર્વરીની યશરાજની ફિલ્મ આલ્ફા પ્રીપોન્ડ થઈ છે અને આ ફિલ્મ હવે ૧૦ જુલાઈને બદલે ૩ જુલાઈએ રિલીઝ થવાની છે. ત્યારે હવે એવા અહેવાલો છે કે આ તારીખ ખાલી પડતાં ધમાલ ૪ની રિલીઝ પણ એક અઠવાડિયું આગળ વધારી દેવામાં આવી છે. આ અંગે એક સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ''ધમાલ ૪ પહેલાં ૧૭ જુલાઈએ રિલીઝ થવાની હતી. પરંતુ હવે આ ફિલ્મ એક અઠવાડિયું પહેલાં ૧૦ જુલાઈએ રિલીઝ થશે. ૧૦ જુલાઈને બદલે ૩ જુલાઈએ આલ્ફા રિલીઝ થવાની ચર્ચાઓ છે, તેથી ખાલી પડેલી તારીખમાં હવે ધમાલ ૪ને રિલીઝ કરવાનો નિર્ણય લેવાયો છે. તેમને લાગે છ કે તેમની ફિલ્મ માટે ૧૦ જુલાઈ યોગ્ય તારીખ છે અને ફેન્સ માટે પણ આ કોમેડી ફિલ્મ એક અઠવાડિયું વહેલી જોવા મળશે તો મજાની જ વાત હશે. ટૂંક સમયમાં ઓફિશીયલ અનાઉન્સમેન્ટ થઈ શકે છે.''ઈન્દ્ર કુમારે ડિરેક્ટ કરેલી આ ફિલ્મમાં અજય દેવગન, રિતેશ દેશમુખ, અર્શદ વારસી, સંજય મિશ્રા અને જાવેદ જાફરી સહીતની કાસ્ટ છે, એ ઉપરાંત એશા ગુપ્તા, સંજીદા શેખ, અંજલિ આનંદ, ઉપેન્દ્ર લિમયે, વિજય પાટકર અને રવિ કિશન પણ જોવા મળશે. ધમાલ ળેન્ચાઈઝીનો પહેલો ભાગ ૨૦૦૭માં રિલીઝ થયો હતો અને તેની મસાલેદાર છતાં નવીન કોમેડી, મજબૂત એન્સેમ્બલ કાસ્ટ અને કમર્શીયલ એલિમેન્ટ્સને કારણે આ ફિલ્મને જબરદસ્ત સફળતા મળી હતી. ત્યારબાદ આવેલી ડબલ ધમાલ (૨૦૧૧)એ પણ બોક્સ ઓફિસ પર સારી શરૂઆત કરી હતી, જેના કારણે ટ્રેડ અને ઈન્ડસ્ટ્રીને આશ્ચર્ય થયું હતું અને અંતે ફિલ્મ હિટ સાબિત થઈ હતી. ટોટલ ધમાલ(૨૦૧૯)એ તો પ્રથમ દિવસે જ લગભગ ૧૬.૫૦ કરોડની જબરદસ્ત કમાણી કરી હતી અને તેના સમગ્ર થિયેટ્રિકલ રનમાં ૧૫૪.૨૩ કરોડની કમાણી કરી લીધી હતી. ધમાલ સિરીઝની ત્રણેય ફિલ્મોને ટેલિવિઝન પર પણ સારો પ્રતિસાદ મળ્યો છે અને આજે પણ દર્શકોમાં તેની યાદગાર છાપ છે. આ કારણે ધમાલ ૪ પાસેથી દર્શકોને ઘણી અપેક્ષાઓ છે.

# પરિણીતિ ચોપરા ટૉક શો પછી હવે આધ્યાત્મિક ગીતમાં જોવા મળશે



**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૯ :** એક્ટર અને સિંગર પરિણીતિ ચોપરાએ એક નવા મ્યુઝિકલ પ્રોજેક્ટની ઝલક આપી છે અને તેમાંથી તે પોતાની વધુ એક અલગ સફર શરૂ કરવાની હોય એવો અંદાજ આવે છે. તાજેતરમાં તેણે પોતાના સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરીને જણાવ્યું હતું કે બહુ જલદી તેનું એક આધ્યાત્મિક ગીત આવશે અને આ વાતથી તેનાં ફેન્સની પણ ઉત્સુકતા વધી હતી. તેણે પોતાના સોશિયલ મીડિયા પર આ ગીતનું એક ટીઝર પણ શેર કર્યું હતું અને એવો સંકેત પણ આપ્યો હતો કે આ કોઈ આધ્યાત્મિક ગીત હશે. આ ટીઝર શેર કરતા તેણે લખ્યું હતું, ''એક પ્રાર્થના, એક વિનંતિ. બહુ જલ્દી આવશે!''આ પોસ્ટ પર તેનાં ઘણા ફેન્સે ઉત્સુકતા અને ખુશીથી કમેન્ટ્સ લખી હતી. આ પહેલાં પરિણીતિ કેટલાક રિયાલિટી શોમાં અને એવોર્ડ શોમાં પોતાની સિંગિંગ ટેલેન્ટ બતાવી ચુકી છે. છેલ્લે આવેલી તેની ફિલ્મ 'અમરસિંહ ચમકિલા'માં પણ તે એક ગાયકનો રોલ કરી રહી હતી. આ ઉપરાંત તેની ફિલ્મો સંદીપ ઔર પિંકી ફરાર અને હસી તો ફસી જેવી ફિલ્મોમાં તેના અભિનયના વખાણ થયા છે. પરિણીતી ચોપરાના વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવનના એક મહત્વપૂર્ણ તબક્કા દરમિયાન તેનું આ આધ્યાત્મિક ગીત આવી રહ્યું છે. ઑક્ટોબર ૨૦૨૫માં તેણે અને તેનાં પતિ, રાજકારણી રાઘવ ચઢ્ઢાએ તેમનાં પ્રથમ સંતાનનું સ્વાગત કર્યું હતું. તેમના ઘરે પુત્રનો જન્મ થયો હતો, જેને નીર નામ આપવામાં આવ્યું છે. ત્યારથી પરિણીતી માતૃત્વની જવાબદારીઓ નિભાવતાં નિભાવતાં ધીમે ધીમે પોતાનાં કામ તરફ પણ પરત ફરી રહી છે. ફિલ્મોનાં વ્યસ્ત શીડ્યુલમાં તરત જ પાછા ફરવાને બદલે, તેણે ક્રિએટિવ ફિલ્ડમાં નવા વિકલ્પો અજમાવ્યા છે. તાજેતરમાં તેણે પોતાનો ડિજિટલ ટોક શો મોમ ટોક્સ વિથ પરિણીતિ ચોપરા શરૂ કર્યો છે, જેમાં તે જાણીતાં સેલિબ્રિટી માતા-પિતાઓ સાથે બાળકોનાં ઉછેર અને વ્યક્તિગત તેમજ વ્યાવસાયિક જીવન વચ્ચે સંતુલન જાળવવાની વાસ્તવિકતાઓ અંગે નિખાલસ ચર્ચા કરે છે.

# હૈ જવાની તો ઈશ્ક હોના હૈ ફિલ્મનો ખર્ચો પણ નહીં નીકળે



**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૯ :** બોલિવુડના ફલોપસ્ટાર ગણાતા વરુણ ધવનની 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'નો પણ કરુણ રકાસ થાય તેવી આશંકા વ્યક્ત થઈ રહી છે. કથિત રીતે આશરે ૧૦૦ કરોડનાં બજેટમાં બનેલી મનાતી આ ફિલ્મની કમાણી બે દિવસમાં માંડ ૧૫ કરોડ થઈ છે. આથી, આ ફિલ્મ પોતાની પ્રોડક્શન કોસ્ટ પણ કાઢી શકશે કે કેમ તે વિશે આશંકાઓ વ્યક્ત થઈ રહી છે. ડાયરેક્ટર તરીકે ડેવિડ ધવનની આ છેલ્લી ફિલ્મ હોવાનું કહેવાય છે. જોકે, ફિલ્મ ક્રિટિક્સ એવી ટીકાઓ કરી રહ્યા છે કે ડેવિડ ધવન હજુ પણ ૩૦ વર્ષ પહેલાંના જમાના પ્રમાણે ફિલ્મ બનાવી રહ્યા છે અને અત્યારના ઓટીટીના જમાનામાં આવી ફિલ્મ ચાલે પણ નહીં. આ ફિલ્મમાં 'બીવી નંબર વન' ફિલ્મનાં ગીત 'ચુનર ચુનર'ની બેઠી કોપી કરાઈ છે. આ બાબતે મૂળ ફિલ્મના નિર્માતા દ્વારા કાનૂની વાંધો પણ લેવાયો હતો. જોકે, આ વિવાદનો પણ ફિલ્મને કોઈ ફાયદો થયો નથી.

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો: 9879374605

# પારડીની અશ્વમેઘ શાળામાં પ્રથમ દિવસે વિદ્યાર્થીઓ અનેરો ઉત્સાહ જોવા મળ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૯ :** પારડી પંથકમાં આવેલ દરેક શાળાનો પ્રવેશોત્સવનો પ્રારંભ થયો હતો. પ્રથમ દિવસે વિદ્યાર્થીઓ ખુશ ખુશાલ જોવા મળ્યા હતાં. વિવિધ શાળાની વાત કરીએ તો અશ્વમેઘ વિદ્યાલયમાં આજે ધોરણ ૯ અને ૧૧ના બાળકોનો વિશેષ પ્રવેશ ઉત્સવ ઉજવાયો હતો. આ પ્રવેશોત્સવમાં શાળાના મેનેજિંગ ડિરેક્ટર હર્ષદભાઈ, કેમ્પસ ડિરેક્ટર મનોજભાઈ, આચાર્ય શિક્ષકો, તેમજ વાલીઓની વિશેષ હાજરી રહી હતી. શાળાના કેમ્પસ ડિરેક્ટર મનોજભાઈ દ્વારા બાળકોને આશિર્વચન આપવામાં આવ્યા અને નવા વર્ષમાં ખૂબ સારી મહેનત કરીને સારું પરિણામ મેળવીશું એવા સંકલ્પ સાથે બાળકોને તિલક કરી, મોં મીઠું કરાવીને પ્રવેશ આપવામાં આવ્યો હતો. બાળકોમાં આજના દિવસે ખુબજ અનેરો ઉત્સાહ અને જોશ હતો. અન્ય શાળાની વાત કરીએ તો પારડી ડીસીઓ સ્કૂલ , આર.જે દમણવાલા સ્વનિર્ભર ગુજરાતી માધ્યમ સ્કૂલ, બીઆરજેપી સ્કૂલ, ફાધર અગ્નેલ સ્કૂલ, વલ્લભ આશ્રમ સ્કૂલ, સિંઘાનિયા સ્કૂલ, લિટલ ફલાવર સ્કૂલ, સાન્તાબા સ્કૂલ વગેરે વિવિધ શાળાઓ માં આજે વિદ્યાર્થીઓ વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને પ્રથમ દિવસે બાળકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

# પારડીમાં વસ્તી ગણતરીનો પ્રથમ તબક્કો શરૂ

## ૩૪ મુદ્દાઓની માહિતી એકત્ર કરાશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૯ :** ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવતી વસ્તી ગણતરીની કામગીરીનો પારડી નગરપાલિકા વિસ્તારમાં પ્રારંભ થયો છે. નગરપાલિકા કચેરી ખાતેથી વસ્તી ગણતરીની કામગીરી માટે નિયુક્ત કરાયેલા કર્મચારીઓ પોતાની કીટ મેળવીને પોતપોતાના નિર્ધારિત વિસ્તારોમાં રવાના થયા છે. આ અંગે માહિતી આપતા પારડી કન્યા શાળા નંબર-૧ના ઉપશિક્ષિકા પદ્માક્ષીબેન રમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વસ્તી ગણતરીના પ્રથમ તબક્કાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ પ્રક્રિયા દરમિયાન કર્મચારીઓ ઘરે-ઘરે જઈને મુખ્યત્વે ભૌતિક સુવિધાઓ અને ઘર ગણતરીને લગતા કુલ ૩૪ જેટલા પ્રશ્નોની વિગતો એકત્રિત કરશે તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વર્તમાન સમયમાં વસ્તી ગણતરીના બહાને કેટલાક ફ્રોડ છેતરપિંડીના કિસ્સાઓ પણ સામે આવતા હોય છે, જેથી નાગરિકોએ સાવચેત રહેવાની જરૂર છે. જો કે, સરકાર માટે વસ્તી ગણતરીના આંકડા અત્યંત મહત્વપૂર્ણ હોવાથી, તેમણે તમામ નગરજનોને અપીલ કરી છે કે તેઓ આ મહામૂલી કામગીરીમાં પૂરતો સહકાર આપીને વસ્તી ગણતરીને સફળ બનાવે તો દરેક બોર્ડમાં વસ્તી ગણતરી શરૂ થઈ ગઈ છે ને લોકો દરેક ગણતરી કરનારા બહેનોને સહકાર આપી રહ્યા છે.

# પારડી પાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૯ :** પારડીનગરપાલિકા દ્વારા હાલ સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે પારડી નગરપાલિકાના સેનેટરી વિભાગ દ્વારા ચાલી રહેલ સ્વચ્છતા અભિયાન વોર્ડ નંબર ૧ અને વોર્ડ નંબર ૬ સહિત દરેક વિસ્તારોમાં ઉજવવામાં આવ્યો હતો પારડીના નગરપાલિકાના સેનેટરી વિભાગના સ્વચ્છતા અભિયાન હેઠળ વોર્ડ નંબર એકમાં ડીસીઓ સામે સ્વચ્છતા અભિયાન હેઠળ આ વિસ્તારના પાલિકાના કોર્પોરેટર પ્રણવભાઈ દેસાઈ શિરીષભાઈ પટેલ મેઘાબેન ભાવસાર શહેર સંગઠનના પ્રમુખ વિપુલભાઈ પટેલ મહામંત્રી ઝૂબીન દેસાઈ સાથે વોર્ડ નંબર એકના નાગરિકો પાલિકાના આરોગ્ય વિભાગના કર્મચારીઓ ભેગા મળ્યા હતાં અને સફાઈ અભિયાન ચલાવ્યો હતો. જેમાં સાફ-સફાઈ કરવામાં આવી હતી અને નાગરિકોને કચરાપેટીનું વિતરણ કરવામાં આવ્યું હતું એ જ રીતે વોર્ડ નંબર ૬માં સદસ્ય ચેતનભાઇ નાયકા જાગૃતીબેન દેવેનભાઈ શાહ સાથે અન્ય કોર્પોરેટર અને કર્મચારી ભાઈઓએ સ્વચ્છતા અભિયાન હેઠળ સફાઈ કરી હતી અને સમગ્ર વોર્ડમાં સ્વચ્છતા અભિયાન ચલાવ્યો હતો.

# પારડીની ડી.સી.ઓ. હાઈ.માં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૯ :** પારડીમાં આવેલ પ્રતિષ્ઠિત ડીસીઓ હાઈસ્કૂલમાં વર્ષ ૨૦૦૫ ધોરણ-૧૦ અને વર્ષ ૨૦૦૭ ધોરણ-૧૨ના બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું એક ભાવસભર સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. બાલમંદિરથી લઈને ધોરણ ૧૨ સુધી આજ શાળામાં સાથે અભ્યાસ કરીને આગળ વધેલા આ મિત્રો અંદાજે ૧૯ વર્ષના લાંબા ગાળા બાદ ફરી એકવાર પોતાની માતૃ સંસ્થાના પ્રાંગણમાં એકઠા થયા હતાં. આ સ્નેહમિલન માત્ર આનંદ-પ્રમોદ પૂરતું સીમિત ન રહેતા, વિદ્યાર્થીઓએ પોતાની શાળા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો સરાહનીય નિર્ણય લીધો હતો. શાળામાં પંખાની જરૂરિયાત હોવાનું જણાતા, આ બેચના તમામ મિત્રોએ ભેગા મળીને પોતાની યથાશક્તિ મુજબ શાળાને ૧૫ નંગ પંખા ભેટ સ્વરૂપે અર્પણ કર્યા હતા ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસના બીજા જ દિવસે એટલે કે ૬ જૂનના રોજ યોજાયેલા આ કાર્યક્રમમાં પર્યાવરણના જતન સાથે એક સંવેદનશીલ પહેલ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૭થી લઈને આજ દિન સુધીમાં આ દુનિયામાંથી વિદાય લઈ ચૂકેલા તેમના ૫ વહાલા મિત્રો વિહાર પટેલ, ગોપાલ, ભાવિન ટેલર, સંદીપ પટેલ અને નિકીતા પટેલની સ્મૃતિમાં શાળા પરિસરમાં ૫ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેમ વૃક્ષ મોટું થઈને છાંયડો આપે છે, તેમ આ વૃક્ષો દ્વારા તેમના દિવંગત મિત્રોને જીવંત શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે. આ રી-યુનિયનમાં સામેલ થવા માટે ખાસ એક મહિલા મિત્ર લંડનથી ભારત આવ્યા હતાં. આજે આ બેચના વિદ્યાર્થીઓ જીવનમાં ખૂબ આગળ વધ્યા છે અને ડૉક્ટર્સ, સિવિલ એન્જિનિયર્સ તથા શિક્ષક જેવા સન્માનજનક હોદ્દાઓ પર દેશ-વિદેશમાં ફરજ બજાવી રહ્યા છે. વર્ષો પછી મળેલા આ મિત્રોએ જુની યાદો તાજી કરી હતી અને વિવિધ રમતો રમીને આનંદનો સમય વિતાવ્યો હતો.

# ઉમરસાડી માછીવાડમાં વૃક્ષારોપણ કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૯ :**પારડી તાલુકાના ઊમરસાડી માછીવાડ ગ્રામપંચાયત દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમા એક પેડ મા કે નામ અંતર્ગત ઉપસ્થિત મહેમાનો ના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન -જ્ઞેશ પટેલ, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન હેમલતાબેન ટંડેલ, મહેશ દેસાઇ, ઉમરસાડી માછીવાડ સરપંચ ખુશ્બુબેન જવાહર ટંડેલ, ઊમરસાડી દેસાઈવાડ સરપંચ રાજુભાઇ, ગામના મહોલ્લાના પ્રમુખ, આંગણવાડી કાર્યકરો, ગ્રામપંચાયતના સભ્યો, આરોગ્ય કર્મચારીઓ, મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં. જેનો મુખ્ય ઉદ્દેશ કાંઠા વિસ્તારમાં વૃક્ષારોપણ કરી ધોવાણ થતું અટકાવવા તથા શુદ્ધ હવા અને ગામને હરિયાળું બનાવવાનો હતો. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન ઊમરસાડી માછીવાડના સરપંચ ખુશ્બુ ટંડેલ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

# ડુંગરીમાં ફ્રી કેન્સર ચેકઅપ અને ફ્રી આઈ ચેકઅપ કેમ્પ યોજાયો

## સરપંચ દ્વારા વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૯ :** પારડી તાલુકાના ડુંગરી ગામમાં ડુંગરી ગ્રામ પંચાયતના સરપંચ રવિન્દ્રભાઈ પટેલ દ્વારા ગામના વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કરવામાં આવ્યા હતાં. સાથે સાથે નિરાલી હોસ્પિટલ નવસારીના સહયોગથી ફ્રી કેન્સર ચેકઅપ કેમ્પ અને શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલના સહયોગથી ફ્રી આઈ ચેકઅપ કેમ રાખવામાં આવ્યો હતો. જેમાં વિશાળ સંખ્યામાં ગ્રામજનો ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતાં. ડુંગરી ગ્રામ પંચાયત દ્વારા આજરોજ સરપંચ રવિન્દ્રભાઈ પટેલ દ્વારા નોટબુક વિતરણ નિરાલી હોસ્પિટલ નવસારીના સહયોગથી ફ્રી કેન્સર ચેકઅપ સારવાર કેમ્પ તેમજ શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ દ્વારા આંખની તપાસ અને ફ્રી ચસમા વિતરણ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જે કેમ્પમાં ૪૦૦થી ૪૫૦ જેટલા ગ્રામજનોએ ભાગ લીધો હતો. જ્યારે નોટબુક વિતરણ ધો.૧થી ૧૨ના વિદ્યાર્થીઓને ૫,૦૦૦થી વધુ નોટ વિતરણ લગભગ અંદાજે ૫૦૦થી ૬૦૦ વિદ્યાર્થીઓને કરવામાં આવી હતી. ગામના સરપંચ રવિન્દ્રભાઈ પટેલ, ગામના આગેવાન પ્રમોદભાઈ પટેલ, ગૌતમભાઈ પટેલ, મનીષભાઈ પટેલ, હિરેનભાઈ પટેલ, ટીનલભાઈ પટેલ, દીપ પટેલ, ગમનભાઈ પટેલ, અમિતભાઈ પટેલ તેમજ ગ્રામ પંચાયતના ચૂંટાયેલા તમામ સભ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો વિદ્યાર્થીઓ મેડિકલ કેમ્પના દર્દીઓ ઉપસ્થિત રહ્યા હતાં. રવિન્દ્રભાઈ દ્વારા ગામમાં મફત ચશ્માં આપવામાં આવતા અને મફત નોટબુક આપવામાં આવતા ગ્રામજનોની મોટી ભીડ લાગી હતી અને નાના બાળકોથી લઈને યુવાનોએ લાભ લીધો હતો રવિન્દ્રભાઈ એ કરેલા વિકાસના કામોને ગામના યુવાનો વડીલો અને બાળકોએ વધાવી લીધા હતા અને દર વર્ષે યોજાતા કેમ્પ માટે આભાર વ્યક્ત કર્યો હતો.


# પરવાસામાં આગથી આખું મકાન બળીને ખાખ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૯ :** પારડી તાલુકાના પરવાસા ગામના મોટા ફળિયામાં એક મકાનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા આ દુર્ઘટનામાં મકાન માલિકને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. પરવાસા ગામે રહેતા મધુબેન આશિષભાઈ પટેલના ઘરે અચાનક કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી. આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે જોતજોતામાં આખું ઘરને લપેટમાં લઈ લીધી હતી. આ ઘટનામાં મધુબેનના મકાનને ભારે નુકસાન પહોંચ્યું છે. ઘરમાં રાખેલા લાકડા, પતરા તેમજ ઘરવખરીનો સામાન સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો હતો. આ ઉપરાંત, ઘરમાં રાખેલી મોટર પણ આગની ઝપેટમાં આવી જતાં બળી ગઈ હોવાનું મકાન માલિકે જણાવ્યું છે. જો કે સદ્‌નસીબે પરિવારનો આબાદ બચાવ થવા પામ્યો હતો. આગ લાગતાની સાથે જ આસપાસના રહીશો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પોતાના સ્તરે આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. ત્યારબાદ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. મકાન માલિક મધુબેન પટેલે જણાવ્યું કે આગમાં અમારું બધું જ નુકસાન થઈ ગયું છે. સરકાર તરફથી અમને આ નુકસાનીનું વળતર અને બને એટલી આર્થિક સહાય મળે તેવી આશા વ્યક્ત કરી હતી.

# પારડીમાં નવા પ્રોજેક્ટોથી પીવાના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો



## ધારાસભ્ય કનુભાઈ દેસાઈના પ્રયાસોથી પારડીમાં પાણી વ્યવસ્થામાં ઐતિહાસિક સુધારો : નવા સંપ, ટાંકીઓ અને પાઇપલાઇનથી દરેક વિસ્તારમાં નિયમિત અને પૂરતો પાણી પુરવઠો મળતો થયો

પારડી શહેરની વસ્તીમાં ધીમે ધીમે વધારો થયો છે. વોર્ડ નંબર એકથી વોર્ડ નંબર ૭ સુધી તમામ વિસ્તારોમાં તમામ વિસ્તારોમાં વસ્તીની દ્રષ્ટિએ સોસાયટીઓ પણ વિકસિત થઈ છે. પારડીના પૂર્વ અને પશ્ચિમ બે ભાગ પડે છે. જેમાં પૂર્વ ભાગમાં બજાર આવે છે અને પશ્ચિમ ભાગમાં સોસાયટીઓ મોટાભાગે આવે છે. વસ્તીની દ્રષ્ટિએ પીવાના પાણીની માંગ પણ એટલી જ વધી છે. પારડીમાં અને લોકો પીવાના પાણીનું કનેક્શન નગરપાલિકાના વેરા વિભાગ દ્વારા લઈને દરરોજ પીવાનું પાણી મેળવી રહ્યા છે. તો પીવાના પાણી માટે ખાસ જો મુખ્ય ભૂમિકા હોય તો પાર નદીની છે. પાર નદી પારડીની જનતા માટે જીવાદોરી સમાન છે. કારણ કે વર્ષોથી પારનદીમાંથી પાણી લઈને એને ફિલ્ટર કરીને પારડીની જનતાને પાલિકા દ્વારા પહોંચાડવામાં આવે છે. હાલમાં ઉનાળાની સિઝન ચાલી રહી છે અને ઉનાળામાં પાણીની તંગી સર્જાઈ જતી હોય છે. પરંતુ પારડીમાં આ વખતે ઉનાળા દરમિયાન કોઈ ખાસ પીવાના પાણીની સમસ્યા સામે આવી નથી પીવાના પાણીની સમસ્યાનો જળમુળથી નિકાલ થાય એ માટે પારડીના લોકપ્રિય ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈ પહેલાથી ચિંતિત છે. એટલા માટે તેઓએ પીવાના પાણી માટે ખાસ આયોજન કર્યું છે. પણ નદીના પાલિકાના પંપીંગ સ્ટેશન પાસે પીવાના પાણીનો સંગ્રહ થઈ શકે અને પંપિંગ સ્ટેશનથી ડાયરેક્ટ પીવાનો પાણી ફિલ્ટર પ્લાન્ટમાં લઈ શકાય એ માટે નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે અને ટૂંક સમયમાં સંપ બનીને રેડી થઈ જશે. પીવાના પાણીની સમસ્યા નિકાલ કરવા માટે વાજપાઈ શહેરી વિકાસ યોજના હેઠળ અગાઉ ફિલ્ટર પ્લાન બનાવવામાં આવ્યો હતો જે ફિલ્ટર પ્લાન હાલ પણ ચાલુ છે અને ખૂબ જ સુંદર પીવાના પાણીની સપ્લાય કરવામાં આવી રહી છે. બીજી તરફ શહેરી વિકાસ ગુજરાત રાજ્ય દ્વારા નવો ફિલ્ટર પ્લાન બનાવવામાં આવ્યો છે. નવી ટાંકીઓ બનાવવામાં આવી છે. જે પણ કાર્યરત છે અને ખૂબ જ સુંદર રીતે પાર નદીમાંથી સાદુ પાણી લઈને ફિલ્ટરની પ્રોસેસ કરવામાં આવે છે અને એ પાણી કિલ્લા પર બનાવવામાં આવેલ નવી ટાંકીમાં નાંખવામાં આવે છે. પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈના પ્રયત્નથી કિલ્લાના ઉપર નવી ટાંકીઓ બનાવવામાં આવી છે જે નથી હવે પશ્ચિમ વિભાગમાં અને પૂર્વ વિભાગમાં બંને વિસ્તારોમાં ખૂબ જ ફોર્સમાં પાણી જાય છે અને એપાર્ટમેન્ટમાં પણ પીવાનું પાણી ચડી જતું હોય છે. પીવાના પાણી અંગે ખાસ વાત કરીએ તો છેવાડે આવેલ નીલકંઠ સોસાયટી કે જ્યાં ખૂબ મોટી સમસ્યાથી લોકોને જમીનમાંથી પીવાનું પાણી નીકળતું નથી. ત્યારે પાલિકાના પાણીમાં જ નિર્ભર રહેવા પડતું હતું. પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈના




પારડીનો પત્ર
કુલદિપસિંહ રાજપુત, પારડી

પ્રયત્નો થકી નવી પીવાના પાણીને લાઈન નાખી દેવામાં આવતા આ વિસ્તારની સંપૂર્ણ પીવાના પાણીની સમસ્યા દૂર થઈ ગઈ છે. કિલ્લામાં બનાવવામાં આવેલ ટાંકી થકી રાબેતા મુજબ દરેક વિસ્તારોમાં વહેલી સવારના અને સાંજના પીવાના પાણીની દરરોજ સપ્લાય પારડી નગરપાલિકાના વાટર વિભાગ દ્વારા કરવામાં આવે છે. પોણીયા વિસ્તાર ભેંસલા પાડ વિસ્તાર નાની મસાણી વિસ્તાર હનુમાન ડુંગરી વિસ્તાર સ્વાધ્યાય મંડળ વિસ્તાર આ વિસ્તારોમાં પીવાના પાણીની ખાસ સમસ્યાથી પરંતુ આ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા દૂર કરી દેવામાં આવી છે પાઈપલાઈનનો કરી દેવામાં આવી છે અને ડોર ટુ ડોર પીવાના પાણીની સપ્લાય કરવામાં આવી રહી છે. હાલમાં નગરપાલિકાના પ્રમુખ ચેતનભાઇ નાયકા, ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટ, કારોબારી અધ્યક્ષ ચેતનભાઇ ભંડારી, સાથે વોટરબોક્સ ચેરમેન જીગ્નેશભાઈ પટેલ સહીત તમામ વોર્ડના સદસ્યો પીવાના પાણીની સમસ્યાના નિકાલ માટે સુંદર કામગીરી કરી છે.

જેથી પીવાના પાણીની સમસ્યાનો નિકાલ થયો છે. હજી જ્યાં નથી પહોંચી રહ્યો છે. ત્યાં પહોંચાડવાની પૂરેપૂરી કોશિશ થઈ રહી છે. ટૂંકમાં પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈનો સ્વપ્ન હતો કે પારડીમાં પીવાના પાણીની સમસ્યા સંપૂર્ણપણે દૂર કરવામાં આવે જેથી પ્રોજેક્ટ ચલાવવામાં આવ્યો હતો. જે પ્રોજેક્ટ હવે સફળ થયા છે અને પીવાના પાણીની સમસ્યા પારડીમાં ધીમે ધીમે દૂર થઈ ગઈ છે આપણે વાત કરીએ તો ભારતીય જનતા પાર્ટી ૧૯૯૫થી ૨૦૨૬ સુધી સતત પારડી નગરપાલિકા પર સત્તા પર છે અને ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો સ્પષ્ટ બહુમતીથી ચૂંટાઈ આવતા આવ્યા છે. જોવા જઈ તો પારડીના નગર વિકાસનો સંપૂર્ણ પાયો ભારતીય જનતા પાર્ટીએ નાખ્યો છે અને પીવાના પાણીની સમસ્યાનો સંપૂર્ણપણે ભારતીય જનતા પાર્ટી એ નિકાલ કરી દરેક વિસ્તારોમાં ડોર ટુ ડોર પીવાના પાણીની સપ્લાય કરી છે જે ખરેખર આજે જ્યારે વસ્તીમાં વધારો થયો છે અને ખાસ કરીને પારડી વિસ્તારમાં આદિવાસી વસ્તી છે. ત્યારે આદિવાસી વસ્તુઓમાં પણ પીવાના પાણીની જોરસોરથી સપ્લાય કરવામાં આવી રહી છે. પીવાના પાણીની સમસ્યા નહીં રહે એ માટે પાલિકા દ્વારા વિવિધ પ્રોજેક્ટ પણ અમલમાં મૂકવામાં આવ્યા છે. જેમાં નવા સંપ નવી ટાંકી નવી પાઈપલાઈન વગેરે કામો ઝડપથી હાથમાં લઈ લેવામાં આવ્યા છે બાંધકામ ચેરમેન પ્રણવભાઈ દેસાઈ અને ટાઉન પ્લાનિંગ ચેરમેન સિરીશભાઈ પટેલ સાથે તમામ ભારતીય જનતા પાર્ટીના નગરસેવકો પીવાના પાણીની સપ્લાય ચોક્કસ દરરોજ થાય તે માટે દરરોજ પ્રયત્ન કરી રહ્યા છે અને પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈના જનતા પ્રત્યેના પ્રેમ માટે દરેક કાર્યો કરી રહ્યા છે અને જનતાને કરેલા વચનો પૂર્ણ કરી રહ્યા છે. ટૂંકમાં પારડીમાં સંપૂર્ણપણે પીવાના પાણીની સપ્લાય દરેક વિસ્તારોમાં રાબેતા મુજબ શરૂ કરી દેવામાં આવી છે અને પીવાના પાણીની ચોક્કસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેથી લોકોને પીવાના પાણીની સમસ્યા રહી નથી ચોમાસામાં પણ પીવાનો પાણી રાબેતા મુજબ બંને સમય આપવામાં આવી રહ્યો છે આ વિવિધ યોજનાઓ થકી લોકોને રાહત મળી છે અને પીવાની પાણીની સપ્લાય લોકોને મળતા લોકોની સમસ્યાનો નિકાલ થયો છે

# પારડીના મામલતદારની વાપી મહાનગર પાલિકાના ડે. કમિશ્નર તરીકે બઢતી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૯ :** ગુજરાત વહીવટી સેવા જુનિયર સ્કેલ વર્ગ-૧ કેડરમાં ફરજ બજાવતા અધિકારીઓની બદલીના આદેશો સરકાર દ્વારા જારી કરવામાં આવ્યા છે. વાપી મહાનગરપાલિકામાં ડેપ્યુટી કમિશનર અશ્વિન પાઠકના ખાલી પદ પર પારડીના મામલતદાર કે. એમ. રાણાની બઢતી આપવામાં આવી હતી. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પછી સરકારે તબક્કાવાર બદલીઓનો દોર ચાલુ રાખ્યો છે. અગાઉ કલેક્ટરો બદલાયા હતાં. હવે, વર્ગ-૧ અધિકારીઓની બદલી સાથે, બઢતી આપવામાં આવી છે, જેમાં પારડી મામલતદારનો પણ સમાવેશ થાય છે. પારડી મામલતદાર કે.એમ. રાણાને વાપી મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર તરીકે બઢતી આપી છે. અત્રે ઉલ્લેખનીય છે કે તેઓએ વાપી મહાનગરપાલિકામાં ચાર્જ પણ લઈ લીધો છે. પારડીમાં ખૂબ જ સુંદર કામગીરી બદલ તેઓ જાણીતા થયા છે અને એમની કામગીરીના પગલે એમને સરકારે મોટો હોદ્દો આપીને પ્રોત્સાહિત કર્યો છે.

# કોટલાવના પૂજાબેન પટેલ રહસ્યમય રીતે ગુમ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૯ :** પારડી તાલુકાના કોટલાવ ગામે મંદિર ફળિયામાં રહેતા અને પારડીની એક નામાંકિત સ્કૂલમાં છેલ્લા ૨૦ વર્ષથી પટાવાળા તરીકે ફરજ બજાવતા કલ્પેશભાઈ ભાણાભાઈ પટેલની ૩૩ વર્ષીય પત્ની પૂજાબેન ગત તા.૩૦ મેના રોજ રહસ્યમય સંજોગોમાં ગુમ થતાં ચક્ચાર મચી ગઈ છે. સગા-સંબંધીઓમાં ભારે શોધખોળ છતાં કોઈ પત્તો ન લાગતા આખરે પારડી પોલીસ મથકે ગુમ થયાની જાહેરાત આપવામાં આવી છે. પૂજાબેન ઘઉવર્ણના અને મજબૂત બાંધાના છે. તેમણે સફેદ કુર્તી, કાળી લેગીન્સ અને કાળા બૂટ પહેરેલા છે. તેમના જમણા હાથ પર અંગ્રેજીમાં Kalpesh નામનું છુંદણું અને ડાબા કાંડા પર સ્ટારનું ટેટૂ છે. તેઓ ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે.જો કોઈને આ મહિલા વિશે માહિતી મળે તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.

# અન્ય સમાચારો

Wednesday 10, June 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Wednesday 10, June 2026

## ઘૂસણખોરો પર ઘોંસ

વિધાનસભાની ચૂંટણી પછી પશ્ચિમ બંગાળમાં તો અનેક પગલાં નવી સરકાર લઈ રહી છે, તે અપેક્ષિત પણ હતું. ગુજરાતમાં છેલ્લા બે દિવસથી શરૂ થયેલું ઓપરેશન ડેલ્ટા હન્ટ એક રીતે બંગાળની સરહદનું જ અનુસંધાન છે. ગુજરાતમાં અનધિકૃત રીતે વસતા બાંગલાદેશી નાગરિકોને અલગ તારવીને તેમને સ્વદેશ પરત મોકલવા સુધીની સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આવી કાર્યવાહી સામે વ્યક્ત થતા પ્રતિ વિચારની સંપૂર્ણ અવગણના પ્રશાસને કરવી જ પડે. કારણ કે, રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો અગત્યનો છે. ગુજરાત સરકાર આવા ગેરકાયદે વસતા નાગરિકોની સામેની કાર્યવાહી માટે મક્કમ છે. અત્યાર સુધીના અહેવાલો એમ કહે છે કે, પૂરતી ચકાસણી પણ આ કાર્યવાહી પૂર્વે થઈ રહી છે. ગુજરાતમાંથી ૫૦૦થી વધારે બાંગલાદેશી નાગરિકોની ધરપકડ થઈ છે અને ૬૨૦૦થી વધારે શંકાસ્પદ લોકોની વિગતો એકઠી કરવામાં આવી છે. મહત્ત્વનું તો એ છે કે, જ્યાં સરહદી વિસ્તાર નથી તેવા રાજકોટમાંથી પણ ૩૧ બાંગલાદેશી ઝડપાયા છે. અમદાવાદ સુધી તો આવી પ્રવૃત્તિઓ શક્ય છે. ગુજરાત પોલીસે મંગળવારે મધરાત્રે વિવિધ શહેરોમાં ત્રાટકીને આ કાર્યવાહી હાથ ધરી હતી. દેશની સુરક્ષા સંદર્ભે ઘણી અગત્યની આ બાબત છે. કારણ કે, નાગરિકતા ન હોવા છતાં તમામ પુરાવાઓ-દસ્તાવેજ સાથે વર્ષોથી આ લોકો અહીં વસીને વ્યાપાર-ધંધો કરે છે. પોલીસે તેમને ઝડપીને બાકીની ઘણી બધી વિગતો ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. જેના પરથી ખ્યાલ આવે અત્યાર સુધી કેટલી હદે આ બધું ચાલતું હતું. જે લોકો ઝડપાયા છે તે લોકો દેખાય છે પ?િમ બંગાળના લોકો જેવા, જેથી કોઈ પણ વ્યક્તિ થાપ ખાઈ શકે. ૯૦ ટકાથી વધારે નાગરિકો પાસે ભારતનું આધારકાર્ડ, રાશનકાર્ડ જેવા પુરાવા મળ્યા છે. પશ્ચિમ બંગાળના સ્થાનિક એજન્ટોએ તેમને આ પુરાવા મેળવવામાં મદદ કરી હોવાનું પણ ખુલ્યું છે. અહીંથી કમાયેલા નાણાં ડિજિટલ એપ્સ દ્વારા તેઓ બાંગલાદેશમાં મોકલતા હતા. દેશની સુરક્ષા માટે આવી રીતે વસતા લોકો જોખમી છે અને સ્થાનિક પોલીસ કે પછી અન્ય એજન્સી કોઈ કાર્યવાહી કરે તે વિરોધપાત્ર નથી, પરંતુ તેની સામે કેટલીક બાબતો એવી છે જેના પર હવે ધ્યાન અપાવવું જોઈએ. પ્રથમ તો આવા નકલી આઈડી પ્રૂફ જ્યાંથી પણ બનતા હોય તેની પર સીધો સકંજો કસાવવો જોઈએ. બાંગલાદેશમાંથી પશ્ચિમ બંગાળમાં આ નાગરિકો કેટલી સહેલાઈથી ઘૂસી શકતા હશે તેનો આ પુરાવો છે. હવે પછી તે અંગે પણ ચુસ્ત કાર્યવાહી અનિવાર્ય છે. બંગાળમાં જો કે, તેવું થઈ રહ્યું હોવાના અહેવાલ છે. રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ આ કાર્યવાહી દરમિયાન આપેલી એક ચેતવણી પણ અગત્યની છે કે, અનધિકૃત રીતે વસતા લોકોને જેઓ આશ્રય આપશે તેની સામે પણ કાર્યવાહી થશે. આ મુદ્દો એટલા માટે મહત્ત્વનો છે કે, મકાન કે મિલકત ભાડે આપવા માટે આપણે ત્યાં નિયમો છે. વારંવાર આવી બાબતની ચકાસણી કરવાનું પોલીસ દ્વારા કહેવામાં આવતું હોય છે. બાંગલાદેશીઓને પકડી પાડવામાં આવ્યા ત્યારે દર વખતની જેમ મહિલાઓ, બાળકોનું શું? તેવા પ્રશ્નો ઊભા થયા. અલબત્ત, અહીં પોલીસે કોઈ અત્યાચાર કે દમન કર્યા નથી. દસ્તાવેજની ચકાસણી થતી હોય તેમ થાય અને તેમાં જો જે-તે વ્યક્તિ ભારતનો નાગરિક નથી તેવું સાબિત થાય તો તેની સામે અન્ય કાર્યવાહી પણ કરવી પડે. સરકાર આવા લોકોને બાંગલાદેશમાં પરત મોકલવાની કાર્યવાહી પણ કરશે. દેશની સલામતી, આંતર બાહ્ય સુરક્ષા માટે આ ઝુંબેશ જરૂરી છે તેની સામે જ્યાં-જ્યાં જે-જે સ્તરે છીંડા રહ્યા હોય તે બૂરવા અને સંબંધિતો સામે પગલાં ભરવામાં પણ કામ થવું જોઈએ.

# પાકિસ્તાની સેનાના ગોળીબારમાં ૩૦થી વધુના મોત

### ૨૦૦થી વધારે લોકો ગંભીર રીતે ઘાયલ, આંદોલનકારીઓનો અવાજ દબાવવા માટે ૫ જૂનથી PoKમાં ઈન્ટરનેટ સેવાઓ ઠપ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૯ :** પાકિસ્તાનના ગેરકાયદે કબજા હેઠળના કાશ્મીર એટલે કે PoKમાં પાકિસ્તાની સેનાનો ક્રૂર ચહેરો ફરી એકવાર દુનિયાની સામે આવ્યો છે. PoKમાં પોતાના હકો માટે શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા નાગરિકો પર પાકિસ્તાન સેનાએ અંધાધુંધ ગોળીબાર કર્યો છે. આ હિંસક કાર્યવાહીમાં ૩૦થી વધુ નિર્દોષ લોકોના મોત થયા છે, જ્યારે ૨૦૦થી વધારે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

વાસ્તવમાં, PoKના સૌથી મોટા નાગરિક અધિકાર સંગઠન 'જમ્મુ-કાશ્મીર સંયુક્ત અવામી એક્શન કમેટી' દ્વારા ૯ જૂનના રોજ એક ભવ્ય 'લોન્ગ માર્ચ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આ આંદોલનને કચડી નાખવા માટે પાકિસ્તાનની કઠપૂતળી સરકારે આ સંગઠનને જ 'આતંકવાદી સંગઠન' જાહેર કરીને તેના પર પ્રતિબંધ લગાવી દીધો છે.

છેલ્લા ઘણા મહિનાઓથી 'જમ્મુ-કાશ્મીર સંયુક્ત અવામી એક્શન કમેટી'ના નેતૃત્વમાં PoKની જનતા પાકિસ્તાન સરકાર અને સેના વિરુદ્ધ રસ્તા પર ઉતરી આવી છે. આ આંદોલનનું મુખ્ય કારણ પાકિસ્તાન દ્વારા અહીંના સ્થાનિક લોકો સાથે કરવામાં આવતું ભેદભાવભર્યું વર્તન છે. PoKના નાગરિકોનો આરોપ છે કે પાકિસ્તાન સરકાર તેમના કુદરતી સંસાધનોનો આડેધડ ઉપયોગ કરીને અબજો રૂપિયા કમાય છે, પરંતુ તેના બદલામાં સ્થાનિક લોકોને માત્ર આર્થિક તબાહી, મોંઘવારી અને ભેદભાવ જ મળે છે. અહીંના લોકોને દ્વિતીય શ્રેણીના નાગરિક ગણીને તેમના મૂળભૂત અધિકારોથી વંચિત રાખવામાં આવી રહ્યા છે.હાલમાં PoKનું રાજીવકોટ શહેર આ ઉગ્ર વિરોધ પ્રદર્શનનું મુખ્ય કેન્દ્ર બન્યું છે. પ્રશાસન દ્વારા JAACના કાર્યકરો અને નેતાઓની ધરપકડ શરૂ કરાતા મામલો વધુ બિચક્યો હતો. આંદોલનકારીઓનો અવાજ દબાવવા માટે પાકિસ્તાન સરકારે ૫ જૂનની રાતથી જ સમગ્ર PoKમાં ઈન્ટરનેટ સેવાઓ સંપૂર્ણપણે ઠપ કરી દીધી છે, જેથી લોકો એકબીજા સાથે સંપર્ક ન કરી શકે. પાકિસ્તાનની શાહબાઝ શરીફ સરકાર અને આર્મી ચીફ અસીમ મુનીરને આ હિંસાનો અંદાજો પહેલાથી જ હતો. આથી જ સરકારે એક ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરીને પ્રવાસીઓને ૫ જૂનથી ૨૦ જૂન વચ્ચે PoKનો પ્રવાસ ન કરવાની કડક સલાહ આપી દીધી હતી.

PoKમાં આ પ્રકારનો જનઆક્રોશ કોઈ પહેલીવાર જોવા નથી મળ્યો. આ પહેલા વર્ષ ૨૦૨૩માં પણ આવા જ મોટા પાયે વિરોધ પ્રદર્શનો થયા હતા. PoKની જનતા પાકિસ્તાન સરકાર પાસે સબસિડીવાળો ઘઉંનો લોટ અને સસ્તી વીજળી જેવી પાયાની સુવિધાઓ માંગી રહી છે. પાકિસ્તાન સરકારે ભૂતકાળમાં આ વાયદાઓ કર્યા હતા, પરંતુ તે ક્યારેય પૂરા કર્યા નથી. ૨૦૨૩માં પણ જ્યારે જનતાએ અવાજ ઉઠાવ્યો ત્યારે પાકિસ્તાની સુરક્ષા દળો અને પેરામિલિટ્રી ફોર્સે લાઠીચાર્જ, ટીયર ગેસ અને ગોળીબાર કરીને સેંકડો લોકોને જેલમાં ધકેલી દીધા હતા અને કેટલાય લોકોના જીવ લીધા હતા. પાકિસ્તાન સેના અત્યારે પોતાના જ કબ્જા હેઠળના લોકો પર જુલમ ગુજારીને આ વિદ્રોહને દબાવવાનો પ્રયાસ કરી રહી છે.

## ભારત પાસે ૧૯૦ પરમાણુ હથિયારો એક વર્ષમાં ૧૨નો વધારો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સ્ટોકહોમ,તા.૯ :** ધ સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ (સિપરી)ના લેટેસ્ટ અહેવાલ પ્રમાણે ભારતે એક વર્ષમાં ૧૨ નવા પરમાણુ હથિયારો બનાવ્યા છે અને એ સાથે ભારતના કુલ પરમાણુ હથિયારોની સંખ્યા ૧૯૦ થઈ ગઈ છે. દુનિયામાં હવે નવા પરમાણુ હથિયારોની સ્પર્ધા વધી છે તે બાબતે સિપરીએ ચિંતા વ્યક્ત કરી હતી. પરમાણુ હથિયારો બનાવવાની ટેકનિક વિકસાવી ચૂકેલા નવ દેશોએ સતત પરમાણુ હથિયારોની સંખ્યા વધારવા તરફ ધ્યાન આપ્યું છે.રશિયા-અમેરિકા વચ્ચે પરમાણુ નિયંત્રણ અને પરમાણુ તૈનાતીની સમજૂતી થઈ હતી એ પૂરી થઈ ગઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પે નવેસરથી પરમાણુ નિયંત્રણની સમજૂતી કરી નથી, તેના કારણે હવે બંને દેશો વચ્ચે પરમાણુ હથિયારો વધારવાની સ્પર્ધા નવેસરથી જામશે. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટયૂટે ચિંતા વ્યક્ત કરી હતી કે હવે દુનિયામાં પરમાણુ હથિયારો વધારવાની હોડ નવેસરથી જામશે. ચીને એક જ વર્ષમાં ૩૪ નવા પરમાણુ હથિયારો બનાવી લીધા છે અને બે વર્ષમાં ૬૦ હથિયારો વધારીને આંકડો ૬૨૦ કર્યો છે. ૬૨૦ પરમાણુ હથિયારો સાથે ચીન દુનિયામાં ત્રીજા ક્રમે છે. રશિયા અને અમેરિકાએ પ્રથમ બે સ્થાન જાળવી રાખ્યા છે. રશિયા પાસે અંદાજે ૪૪૦૦ હથિયારો છે. તો અમેરિકા પાસે ૩૭૦૦ હથિયારો હોવાનો અંદાજ છે. જોકે, ઘણી ખાનગી થિંક ટેંક્સ તો એવોય દાવો કરે છે કે રશિયા પાસે ૬૦૦૦ અને અમેરિકા પાસે ૫૫૦૦થી ૬૦૦૦ પરમાણુ હથિયારો હોઈ શકે છે.૨૯૦ હથિયારો સાથે ફ્રાન્સ ચોથા નંબરે છે. પાંચમા નંબરે રહેલા બ્રિટન પાસે ૨૨૫ પરમાણુ હથિયારો છે. આ યાદીમાં ૧૯૦ પરમાણુ હથિયારો સાથે ભારત છઠ્ઠા ક્રમે છે. સિપરીના કહેવા પ્રમાણે ભારતે એક વર્ષમાં ૧૨ પરમાણુ હથિયારો બનાવ્યા છે. ગત વર્ષે ૧૭૮થી ૧૮૦ હથિયારોનો અંદાજ વ્યક્ત થયો હતો. ભારતે પરમાણુ હથિયારો વધાર્યા તે માટે સિપરીએ ચીન અને પાકિસ્તાનને જવાબદાર ગણાવ્યા હતા. ભારતના બે પાડોશી દેશો ચીન અને પાકિસ્તાન સતત ન્યૂક્લિયર હથિયારો વધારતા હોવાથી પ્રાદેશિક સંતુલન માટે ભારતે પણ પરમાણુ હથિયારો વધાર્યા છે. પાકિસ્તાન આ યાદીમાં સાતમા ક્રમે છે. પાકિસ્તાન પાસે ૧૭૦ પરમાણુ વેપન્સ છે. ઈઝરાયલ ૯૦ હથિયારો ધરાવે છે અને નોર્થ કોરિયા પાસે ૬૦ પરમાણુ હથિયારો હોવાની શક્યતા છે. સિપરીએ નોંધ્યું હતું કે ભારત શાંતિકાળમાં પરમાણુ હથિયારોને બેલાસ્ટિક મિસાઈલોમાં તૈનાત કરે છે અને એ રીતે જવાબી કાર્યવાહી માટે તૈયાર રહેવાનો વ્યૂહ અપનાવે છે. સિપરીના લેટેસ્ટ અહેવાલ પ્રમાણે ગ્લોબલી ૯૭૪૫ પરમાણુ હથિયારો લશ્કરી ઉપયોગ માટે તૈયાર રખાયા છે. એમાંથી ૪૦૦૨ પરમાણુ હથિયારો તો મિસાઈલો કે એરક્રાફ્ટ પર પહેલેથી જ તૈનાત થઈ ગયા છે. એ સિવાયનો જથ્થો સ્ટોરેજમાં રખાયો છે. સૌથી વધુ હથિયારો તૈનાત રાખવામાં રશિયા અને અમેરિકા આગળ છે.

## લક્ષદ્વીપમાં ૪૭ વર્ષ જૂની દારૂબંધી નાબૂદ કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૯ :** કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વીપમાં કેન્દ્ર સરકારે એક મોટો ફેરફાર કર્યો છે. છેલ્લા ૪૭ વર્ષથી અમલમાં રહેલા 'લક્ષદ્વીપ પ્રોહિબિશન રેગ્યુલેશન, ૧૯૭૯'ને સત્તાવાર રીતે રદ કરી દેવાયો છે. આ સાથે જ ૯૭% મુસ્લિમ બહુમતી ધરાવતા આ દ્વીપસમૂહમાં હવે પરવાના (લાઇસન્સ) ધરાવતી દુકાનો અને આઉટલેટ્સ દ્વારા નિયંત્રિત પદ્ધતિથી દારૂના વેચાણને મંજૂરી મળશે. ૫ જૂનના રોજ જાહેર કરાયેલા ગેઝેટ નોટિફિકેશન દ્વારા આ નવો નિર્ણય લેવાયો છે.

જૂની સંપૂર્ણ દારૂબંધીના સ્થાને હવે 'લક્ષદ્વીપ આબકારી નિયમન, ૨૦૨૬' લાગુ કરાયો છે. આ કાયદો દારૂના ઉત્પાદન, આયાત-નિકાસ, પરિવહન, વેચાણ અને વપરાશને નિયંત્રિત કરવા માટે એક કડક લાઇસન્સિંગ ફ્રેમવર્ક પૂરું પાડે છે. આ નિયમ હેઠળ સરકારી માલિકીની કોર્પોરેશનો અને એજન્સીઓ પણ આલ્કોહોલિક પીણાના રિટેલ વેચાણ માટે લાઇસન્સ મેળવી શકશે.

જો કે, અહીંની સ્થાનિક સામાજિક અને ધાર્મિક સ્થિતિઓને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે દારૂ પર એક્સાઇઝ ટેક્સ અત્યંત ઊંચો રાખ્યો છે.

નવા કાયદા હેઠળ પણ લક્ષદ્વીપના એડમિનિસ્ટ્રેટર પાસે દારૂના વપરાશ પર નિયંત્રણ રાખવા, ખરીદીની મર્યાદા નક્કી કરવા અને જરૂર જણાયે લક્ષદ્વીપના કોઈપણ ભાગમાં ફરીથી સંપૂર્ણ દારૂબંધી લાદવાની સર્વોચ્ચ સત્તા સુરક્ષિત રાખવામાં આવી છે. આ ઉપરાંત, ૨૧ વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિને દારૂ વેચવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

વસ્તીનું માળખું: વર્ષ ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ, લક્ષદ્વીપની કુલ ૬૪,૪૭૩ વસ્તીમાંથી ૬૧,૧૨૦ નાગરિકો અનુસૂચિત જનજાતિ કેટેગરીમાં આવે છે. અહીં મુસ્લિમ વસ્તીનું પ્રમાણ ૯૭% છે, જે ભારતમાં સૌથી વધુ છે.

જો કે, ગ્લોબલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના ભાગરૂપે પ્રશાસને ફેબ્રુઆરી ૨૦૨૬માં ચેતલાટ અને બિત્રા ટાપુઓ પર આવેલા સરકારી બંગલાઓને લાયસન્સ ધરાવતા પરિસરો તરીકે નોટિફાય કર્યા હતા અને હવે નવો કાયદો અમલી બન્યો છે.

લક્ષદ્વીપમાં કુલ ૩૬ ટાપુ આવેલા છે, જેમાંથી માત્ર ૧૦ ટાપુ- અગાત્તી, અમીની, એન્ડ્રોટ, બિત્રા, ચેટલાટ, કદમત, કલ્પની, કવરત્તી, કિલ્ટન અને મિનિકોય પર જ માનવ વસતી છે.

અહીં મુલાકાત લેવા માટે ભારતીય અને વિદેશી પ્રવાસીઓએ વિશેષ પરમિટ લેવી ફરજિયાત છે.

### તમારી નફરતની ફેક્ટરી હવે દુનિયા સામે નહીં ચાલે

## યુએનમાં ભારતની પાકિસ્તાનને ફટકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૯ :** સંયુક્ત રાષ્ટ્ર માં ભારતે પાકિસ્તાનને ફરી એકવાર વૈશ્વિક મંચ પર ખુલ્લું પાડ્યું છે. ભારતે સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે પાકિસ્તાનની સરકાર અને ત્યાંની સેના પોતાના દેશમાં એક નફરતની ફેક્ટરી ચલાવી રહી છે. પાકિસ્તાન પોતાના નાગરિકોને ભારત સામે ભડકાવવા અને તેમની અંદર કાયમી દુશ્મનાવટની ભાવના જગાડવા માટે ધાર્મિક શબ્દોનો ખોટો ઉપયોગ કરી રહ્યું છે.સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ પી. હરીશે સુરક્ષા પરિષદની બેઠકમાં પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપતા કહ્યું કે, પોતાની નિષ્ફળતાઓ માટે પડોશી દેશો પર દોષારોપણ કરવું એ પાકિસ્તાનની જૂની આદત છે અને વિશ્વને ગેરમાર્ગે દોરવાનો તેનો આ પ્રયાસ ક્યારેય સફળ નહીં થાય.પી. હરીશે સુરક્ષા પરિષદમાં ખુલાસો કર્યો હતો કે પાકિસ્તાન પોતાની સરકારી એજન્સીઓને પોતાના જ દેશની અંદર સક્રિય જૂથોને 'ફિત્ના અલ હિન્દુસ્તાન' તરીકે ઓળખાવવા આદેશ આપી રહ્યું છે. 'ફિત્ના' એ એક અરબી ધાર્મિક શબ્દ છે જેનો અર્થ દેશદ્રોહ અથવા મૂર્તિપૂજા તરીકે થાય છે. ભારતે આક્ષેપ કર્યો છે કે આ બીજું કંઈ નહીં પરંતુ ધાર્મિક શબ્દોની આડમાં પાકિસ્તાન સરકાર દ્વારા સત્તાવાર રીતે ફેલાવવામાં આવતી ગેરમાર્ગે દોરનારી માહિતી અને દુષ્પ્રચાર (મિસઈન્ફોર્મેશન અને ડિસઈન્ફોર્મેશન) છે.ભારતીય પ્રતિનિધિએ પાકિસ્તાનની સેના અને તેની ગુપ્તચર સંસ્થાઓ (ડીપ સ્ટેટ) પર નિશાન સાધતા કહ્યું કે, આ બધું પાકિસ્તાનની નફરતની ફેક્ટરીનું પરિણામ છે. આ વ્યૂહનીતિ પાછળનો મુખ્ય હેતુ પાકિસ્તાનના નાગરિકોને ભારત સામે સતત દુશ્મનાવટની સ્થિતિમાં રાખવાનો છે, જેથી ત્યાંની સેના સત્તા પર પોતાનો કબજો જાળવી રાખે અને દેશના રાષ્ટ્રીય સંસાધનો પર પોતાનું નિયંત્રણ રાખી શકે. આમ કરીને તેઓ પાકિસ્તાનની જનતાનું ધ્યાન દેશની મુખ્ય રાજકીય અને આર્થિક સમસ્યાઓ પરથી ભટકાવવા માંગે છે.પાકિસ્તાનમાં લોકશાહીના નામે ચાલી રહેલા સેનાના શાસન પર ભારતે આકરા પ્રહારો કર્યા છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રતિનિધિ પી. હરીશે જણાવ્યું કે, પાકિસ્તાની સેનાએ બંધારણમાં ફેરફાર કરીને દેશની આખી રાજકીય વ્યવસ્થા પર પોતાનો સંપૂર્ણ કબજો જમાવી લીધો છે. ગત નવેમ્બર મહિનામાં પાકિસ્તાન સરકારે જે ૨૭મો બંધારણીય સુધારો કર્યો, તે ખરેખર તો સેના દ્વારા પડદા પાછળથી કરવામાં આવેલો એક બળવો જ છે.

### આવતીકાલથી રાજ્યમાં વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ સક્રિય થશે

## સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાત વરસાદની ધમાકેદાર શરૂઆત થવાની આગાહી

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. ૯ :** રાજ્યમાં ભીષણ ગરમીની સિઝન વચ્ચે જ હવે ચોમાસું આગળ વધવા માટે એકદમ અનુકૂળ અને મજબૂત સ્થિતિ સર્જાઈ ગઈ છે. હવામાન વિભાગની સત્તાવાર આગાહી મુજબ, આગામી બે દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ગાજવીજ સાથે પ્રી-મોન્સૂન વરસાદ ખાબકવાની પૂરેપૂરી શક્યતા છે, જેને પગલે વહીવટી તંત્રને પણ એલર્ટ કરી દેવાયું છે. આજે દિવસ દરમિયાન રાજ્યના મોટા ભાગના શહેરોમાં વાદળછાયુ વાતાવરણ રહેતા લોકને ભીષણ ગરમીમાંથી આંશિક રાહત મળી હતી.

હવામાન વિભાગે જણાવ્યા અનુસાર, આગામી ૪૮ કલાકમાં ખાસ કરીને તાપી, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લા ઉપરાંત સંઘ પ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડી શકે છે. આ દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારોમાં ૧૫ થી ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ શક્યતા છે.

આ સાથે જ, આગામી ૧૧ જૂનથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં એક નવું શક્તિશાળી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ (હવાનું દબાણ) સક્રિય થવા જઈ રહ્યું છે. આ સિસ્ટમ સક્રિય થવાના કારણે આગામી ૧૩ જૂનથી સૌરાષ્ટ્ર અને કચ્છના સૂકા વિસ્તારોમાં પણ સામાન્યથી મધ્યમ વરસાદની ધમાકેદાર શરૂઆત થઈ જશે.

આજે સાંજે નોંધાયેલા મહત્તમ તાપમાનના આંકડા પર નજર નાખતા જણાય છે કે આજે સૌથી વધુ તાપમાન અમદાવાદમાં ૪૨ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે રાજકોટમાં ૪૦.૮, ભાવનગરમાં ૪૧.૬, બરોડામાં ૩૯.૬, ડીસામાં ૩૯.૩, કંડલામાં ૩૮.૬, સુરેન્દ્રનગરમાં ૪૧.૩ તેમજ સુરતમાં ૩૫.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

## ઈઝરાયલમાં શિવાજી મહારાજની પ્રતિમા લાગશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૯ :** ભારત અને ઈઝરાયલ વચ્ચેના રાજદ્વારી અને સાંસ્કૃતિક સંબંધો હંમેશા મજબૂત રહ્યા છે, પરંતુ હવે બંને દેશોના ઈતિહાસને જોડતાં એક ખૂબ જ ગર્વ લેવા જેવા સમાચાર સામે આવ્યા છે. ટૂંક સમયમાં જ ઈઝરાયલની ધરતી પર મરાઠા સામ્રાજ્યના સ્થાપક અને અદમ્ય સાહસના પ્રતીક એવા છત્રપતિ શિવાજી મહારાજની એક ભવ્ય પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે. આ સમાચાર સામે આવતાં જ સોશિયલ મીડિયા પર એક નવી ચર્ચા શરૂ થઈ છે કે આખરે ઈઝરાયલ અને યહૂદી સમુદાયને મહારાષ્ટ્રના મહાન યોદ્ધા શિવાજી મહારાજ સાથે શું સંબંધ હતો? આ રોચક ઈતિહાસના તાર મહારાષ્ટ્રના દરિયાકાંઠાના કોંકણ વિસ્તાર સાથે જોડાયેલા છે, જ્યાં સદીઓથી એક વિશેષ યહૂદી સમુદાય રહેતો આવ્યો છે, જેને 'બેને ઈઝરાયલ' કહેવામાં આવે છે. આ ભારતનો સૌથી પ્રાચીન યહૂદી સમુદાય માનવામાં આવે છે. સેંકડો વર્ષો પહેલા જ્યારે આ લોકો ભારત આવ્યા ત્યારે તેમણે માત્ર મહારાષ્ટ્રને પોતાનું ઘર જ ન બનાવ્યું, પરંતુ ત્યાંની સ્થાનિક મરાઠી ભાષા, પહેરવેશ અને સંસ્કૃતિને પણ સંપૂર્ણપણે અપનાવી લીધી હતી. પોતાની ધાર્મિક યહૂદી ઓળખ જાળવી રાખવાની સાથે તેઓ રોજિંદા જીવનમાં મરાઠી રંગમાં રંગાઈ ગયા હતા.

ઈતિહાસકારોના મતે, છત્રપતિ શિવાજી મહારાજની દૂરદર્શિતા અને તેમની ધર્મનિરપેક્ષ ન્યાયપ્રિયતાના કારણે જ દરેક સમુદાયના લોકો તેમના સ્વરાજ માટે જીવ આપવા તૈયાર રહેતા હતા. જ્યારે શિવાજી મહારાજે કોંકણ અને થાણે વિસ્તારમાં મરાઠા સામ્રાજ્યનો પાયો મજબૂત કરવાનું શરૂ કર્યું, ત્યારે 'બેને ઈઝરાયલ' સમુદાયના ઘણા કુશળ લોકોએ તેમની સેના અને વહીવટી વ્યવસ્થામાં મહત્ત્વની જવાબદારીઓ સંભાળી હતી. આ યહૂદી યોદ્ધાઓએ મરાઠા નૌકાદળ (નેવલ ફોર્સ) અને કિલ્લાઓની સુરક્ષામાં પોતાની સૈન્ય સેવાઓ આપી હતી. શિવાજી મહારાજે પણ તેમની વફાદારી અને બહાદુરીનું સન્માન કરીને તેમને પોતાના વહીવટમાં ઉચ્ચ સ્થાન આપ્યું હતું.

## બાબા બાગેશ્વરના દરબારમાં ધૂણવાની ઘટના મુદ્દે કોર્ટમાં અરજી

### વિજ્ઞાન જાથા દ્વારા આ સમગ્ર મામલે આયોજકો અને કથાકાર ધીરેન્દ્ર શાસ્ત્રી સામે કાયદાકીય સકંજો કસવા માટે સત્તાવાર મોરચો ખોલ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**રાજકોટ,તા.૯ :** રાજકોટ શહેરમાં યોજાયેલા બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીના દરબારને લઈને નવો વિવાદ આક્રમક બન્યો છે. કથા દરમિયાન દરબારમાં અંધશ્રદ્ધાને પ્રોત્સાહન મળતું હોય તે પ્રકારે ધૂણવાની બનેલી ઘટના સામે આવતા અંધશ્રદ્ધા નિર્મૂલન માટે કામ કરતી સંસ્થા 'ગુજરાત વિજ્ઞાન જાથા' લાલઘૂમ થઈ છે. વિજ્ઞાન જાથા દ્વારા આ સમગ્ર મામલે આયોજકો અને કથાકાર ધીરેન્દ્ર શાસ્ત્રી સામે કાયદાકીય સકંજો કસવા માટે સત્તાવાર મોરચો ખોલી દેવામાં આવ્યો છે.



વિજ્ઞાન જાથાના પ્રમુખ દ્વારા આ મામલે છેક મુખ્યમંત્રી કાર્યાલય, રાજ્યના ગૃહ વિભાગ અને સ્થાનિક કોર્ટ સુધી લેખિતમાં અરજી પાઠવીને કડક પગલાં લેવાની માગ કરવામાં આવી છે. અરજીમાં ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા છે કે, આ કાર્યક્રમ દરમિયાન સરકારી જાહેરનામાનો સરેઆમ ભંગ કરવામાં આવ્યો છે તેમજ વહીવટી તંત્ર દ્વારા નક્કી કરાયેલા નિયમોની પણ ભારે અવહેલના થઈ છે. કથાના નામે લોકમાનસમાં અંધશ્રદ્ધા અને વહેમ ફેલાવવાનો આયોજનબદ્ધ પ્રયાસ થયો હોવાનો દાવો પણ અરજીમાં કરાયો છે.

જાથાએ પોતાની અરજીમાં સ્પષ્ટ માગ કરી છે કે, સનાતન ધર્મના નામે કથિત ચમત્કારોના પ્રચાર-પ્રસારને રોકવામાં આવે અને નિયમ ભંગ બદલ કથાકાર ધીરેન્દ્ર શાસ્ત્રી તેમજ રાજકોટના સ્થાનિક આયોજકો સામે ફોજદારી ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરવામાં આવે.

ઉલ્લેખનીય છે કે, બાબા બાગેશ્વરના કાર્યક્રમોમાં અગાઉ પણ આવા વિવાદો સામે આવતા રહ્યા છે, પરંતુ રાજકોટમાં મામલો સીધો કોર્ટ અને ગૃહવિભાગ સુધી પહોંચતા વહીવટી તંત્ર અને આયોજકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. હવે જોવું રહ્યું કે આ હાઈપ્રોફાઈલ કેસમાં સરકાર કે કોર્ટ દ્વારા કેવા આકરા પગલાં લેવામાં આવે છે.

## રાજ્યમાં ધો.૧૦-૧૨ની ૧.૪ લાખ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપશે

**અમારા -તિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. ૯ :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (જીએસઈબી) દ્વારા આગામી ૧૧ જૂનથી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પૂરક પરીક્ષાની સત્તાવાર શરૂઆત થવા જઈ રહી છે. ચાલુ શૈક્ષણિક વર્ષના નિયમિત પરિણામમાં અનુત્તીર્ણ થયેલા અથવા તો પોતાનું પરિણામ સુધારવા માંગતા વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વિભાગ દ્વારા આ વિશેષ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. બોર્ડના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ વર્ષે રાજ્યભરમાંથી ૧.૪ લાખથી વધુ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપવા માટે નોંધાયા છે.

પરીક્ષાના આંકડાકીય વિગતો જોતા જણાય છે કે માત્ર અમદાવાદ જિલ્લામાંથી જ ૨૮ હજારથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેસવાના છે. જેમાં અમદાવાદ શહેરમાંથી જ ૧૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા છે, જ્યારે બાકીના વિદ્યાર્થીઓ ગ્રામીણ વિસ્તારના છે. પરીક્ષાના સુચારુ અને પારદર્શી સંચાલન માટે વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. માત્ર અમદાવાદ શહેરમાં જ વિદ્યાર્થીઓની સુવિધા માટે ૫૫ કેન્દ્રો સજ્જ કરવામાં આવ્યા છે.

તમામ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરા અને જરૂરી સુરક્ષા વ્યવસ્થા સુનિ?િત કરવામાં આવી છે. આ ઉપરાંત, બોર્ડની માર્ગદર્શિકા અનુસાર પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરરીતિ ન થાય અને સંચાલન એકદમ સુદ્રઢ રહે તે હેતુથી પરીક્ષા સ્ટાફની તાલીમ પણ સંપૂર્ણપણે પૂર્ણ કરી લેવામાં આવી છે.

## કર્ણાટકના નારાજ મંત્રીઓ ફરી દિલ્હીમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કર્ણાટક,તા.૯ :** કર્ણાટકના મુખ્યમંત્રી ડિકે શિવકુમારે વરિષ્ઠ નેતા રામલિંગા રેડ્ડીનો વિવાદ ઉકેલાઈ ગયો હોવાનો દાવો કર્યો હતો, પરંતુ તેના ગણતરીના દિવસોમાં જ કોંગ્રેસ સરકારનો આંતરિક અસંતોષ ફરી બહાર આવ્યો છે. ખાતાઓની ફાળવણીથી નારાજ બે વરિષ્ઠ નેતાઓ પક્ષના હાઈકમાન્ડને મળવા માટે દિલ્હી પહોંચી ગયા છે. આ નેતાઓમાં બેંગલુરુ વિકાસ મંત્રી ક્રિષ્ના બાયરે ગૌડા સામેલ છે, જેમણે મંત્રાલય મળ્યું હોવા છતાં હજુ સુધી સત્તાવાર રીતે પોતાનો ચાર્જ સંભાળ્યો નથી. તેમની સાથે કોંગ્રેસના ધારાસભ્ય રિઝવાન અર્શદ પણ દિલ્હી ગયા છે, જેઓ મંત્રીમંડળમાં સ્થાન મેળવવા માટે દબાણ કરી રહ્યા છે. નેતાઓની આ દિલ્હી દોડથી સ્પષ્ટ થાય છે કે કર્ણાટકમાં મંત્રીપદ અને ખાતાઓની વહેંચણીનો મામલો હજુ પૂરો થયો નથી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ક્રિષ્ના બાયરે ગૌડા પક્ષના નેતૃત્વ પર દબાણ લાવી રહ્યા છે કે બેંગલુરુ ડેવલપમેન્ટ ઑથોરિટી (BDA) અને બેંગલુરુ મેટ્રોપોલિટન રીજન ડેવલપમેન્ટ ઑથોરિટી (BMRDA) બંને મહત્ત્વની એજન્સીઓને તેમના બેંગલુરુ વિકાસ મંત્રાલય હેઠળ જ રાખવામાં આવે. મંત્રીનું માનવું છે કે બેંગલુરુ અને તેની આસપાસના વિસ્તારોના પ્લાનિંગ અને વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવતી આ બે સંસ્થાઓ પર જો તેમનું નિયંત્રણ નહીં હોય, તો તેમના મંત્રાલયની સત્તા ખૂબ મર્યાદિત રહી જશે. તેમની આ દિલ્હી મુલાકાતને પગલે નવી કેબિનેટની રચના બાદ જાહેર કરાયેલા ખાતાઓમાં ફેરફાર થવાની અટકળો તેજ થઈ છે.

આ જ રાજકીય હલચલ વચ્ચે કોંગ્રેસના ધારાસભ્ય રિઝવાન અર્શદ પણ કેબિનેટમાં મંત્રીપદ મેળવવાની પોતાની ઈચ્છા સાથે દિલ્હીમાં પડાવ નાખીને બેઠા છે.

## નીતિ આયોગની બેઠકમાં ભાગ લેવા નાયબ મુખ્યમંત્રી દિલ્હી પહોંચ્યા

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ, તા.૯ :** નીતિ આયોગની ગર્વનિંગ કાઉન્સિલની મહત્વની બેઠક ૧૧મી, જૂન ૨૦૨૬ ના રોજ નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાશે. આ બેઠકમાં ભાગ લેવા માટે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દિલ્હી પહોંચી ગયા છે અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ૧૦મીના બુધવારે દિલ્હી જશે. વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ અત્યારથી જ દિલ્હી જવા રવાના થયા છે. આ મુલાકાત દરમ્યાન તેઓ સ્વાભાવિક રીતે જ વડાપ્રધાન, ગૃહ મંત્રી સાથે પણ બેઠક યોજીને ગુજરાત અને સરકારની સ્થિતિ અંગે ચર્ચા કરે એવી શક્યતા વ્યક્ત થઈ રહી છે. મુખ્યમંત્રીની દિલ્હી મુલાકાતને કારણે દર બુધવારે મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને યોજાતી કેબિનેટની બેઠક નહીં યોજાય. નીતિ આયોગની આ બેઠકના મુખ્ય મુદ્દા અને મુખ્ય એજન્ડા મુજબ આ વર્ષની બેઠકનો મુખ્ય હેતુ વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના વિઝનને સાકાર કરવા માટેનો રોડમેપ તૈયાર કરવાનો છે. જેમાં, મુખ્યત્વે દેશની શિક્ષણ વ્યવસ્થામાં મોટા સુધારા, રોજગારીની તકોનું સર્જન, માનવ સંસાધન વિકાસ અને આર્થિક વૃદ્ધિ જેવા મહત્વના વિષયો પર વ્યાપક ચર્ચા કરવામાં આવશે.

વડાપ્રધાનની અધ્યક્ષતામાં યોજાનારી આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ, કેન્દ્રશાસિત પ્રદેશોના લેફ્ટનન્ટ ગવર્નરો અને નીતિ આયોગના ટોચના હોદ્દેદારો ભાગ લેશે.

Vapi Page - 07
Wednesday 10, June 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

## ચિંચાઈના શ્રમિકના વારસદારોને રૂા. ૧૦ લાખથી વધુનું વળતર ચુકવવા કોર્ટનો હુકમ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ વિભાગના કોન્ટ્રાકટર ધ્વારા વલસાડના સિંચાઈગામના નવીનગરીમાં પાણીની ટાંકીના બાંધકામ કરતી વખતે પાલક ટૂટી જતા કડીયા કામ કરનાર કામદાર પડી જવાથી શરીરે ગંભીર ઈજાથી મોત થવા છતાં કોન્ટ્રાકટરે કે પાણી પુરવઠા બોર્ડ દ્વારા કામદારને વળતર નહીં ચૂકવતા ગરવી ગુજરાત લેબર યુનિયનના વકીલની દલીલના પગલે લેબર કોર્ટે મૃતકના વારસદારોને રૂા. ૧૦ લાખ ચૂકવવાનો હુકમ કર્યો છે.

કોન્ટ્રાકટર જયંતિભાઈ કટારીયા ધ્વારા ચિંચાઈમાં નવીનગરીમાં પાણીની ટાંકીના બાંધકામ મજૂરોથી કામ ચાલી રહ્યું હતું. જે સમયે પાલક તુટી જતા કડીયા કામ કરનાર અરવિંદભાઈ નામના કામદાર નીચે પડી જવાથી શરીરે ગંભીર ઈજાઓ થવા છતાં કોન્ટ્રાકટરે કે પાણી પુરવઠા બોર્ડે કામદારને અકસ્માત વળતર ચૂકવવામાં ન આવતાં કેસ દાખલ કર્યા પણ ચાલુ કેસ દરમ્યાન અરવિંદભાઈનો અવસાન થયા પછી આ કેસ ગરવી ગુજરાત લેબર યુનિયનના એડવોકેટને સોંપાયો હતો. આ પ્રકરણમાં બંન્ને પક્ષકારોની રજૂઆત, સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ અકસ્માત વળતરના કેસની ગંભીરતા જોઈ નામદાર લેબર કોર્ટ વલસાડે કામદારના વારસદારોના વકીલ કૌશિકભાઈ કપ્તાનની સુપ્રીમ કોર્ટના ચુકાદા આધારિત લેખિત દલીલ મંજૂર રાખી અરજદાર વારસદારોને મૃતક કામદારના અકસ્માતના વળતર રૂ.૧૦ લાખથી વધુ નાણાં ચૂકવવાનો હુકમ કર્યો છે.

## ગણદેવીમાં હોટલ પરથી પોશડોડાના પાવડર સાથે એક ઝડપાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૦૯ :** ગણદેવી પોલીસ ટીમ દ્વારા નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર એંધલ ગામની સીમમાં આવેલી શ્રી ધારા આઈમાતા હોટલ પર દરોડો પાડી સોમવારે પોશડોડાના પાવડરના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો હતો. નવસારી જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ અને નાયબ પોલીસ અધિક્ષક બી.વી. ગોહીલના માર્ગદર્શન હેઠળ ગણદેવી પોલીસ સ્ટેશનના પી.આઈ. એન.આઈ. રાઠોડ અને પીએસઆઈ એન.એ. પટેલ સહિતના સર્વેલન્સ સ્ટાફને મળેલી ચોક્કસ બાતમીના આધારે સફળ ઓપરેશન હાથ ધરાયું હતું. પોલીસે હોટલ પરથી ગ્રાહકોને છૂટક વેચાણ કરતા આરોપી દલીપકુમાર ભવરારામ પ્રજાપતિ (ઉ.વ. ૩૮, રહે. હાલ એંધલગામ, મૂળ રાજસ્થાન) ને ૨.૯૬૧ કિલોગ્રામ પોશડોડાના પાવડર (કિંમત રૂ. ૪૪,૪૧૫ ) તથા એક મોબાઈલ ફોન (કિંમત રૂ. ૧૦,૦૦૦/-) મળી કુલ રૂ. ૫૪,૪૧૫/- ના મુદ્દામાલ સાથે રંગેહાથ પકડી પાડ્યો હતો. આ મામલે ગણદેવી પોલીસે એન.ડી.પી.એસ. એક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ એસ.ઓ.જી. નવસારીના પોલીસ ઈન્સ્પેક્ટર આર.એસ. પટેલને સોંપી છે,જ્યારે માલ સપ્લાય કરનાર એક અજાણ્યા કન્ટેનર ચાલકને વોન્ટેડ જાહેર કરી તેને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## ડાંગમાં બેંક કર્મી સાથે છેતરપિંડીનો આરોપી છત્તીસગઢથી ઝડપાયો

### ડાંગ સાયબર ક્રાઈમ પોલીસે રૂ. ૧.૩૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૯ :** ડાંગ જિલ્લા પોલીસ વડા પૂજા યાદવ દ્વારા સાયબર ગુનાઓ અટકાવવા અને ગુનેગારોને ઝડપી પાડવા માટે એક ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરી તથા નાયબ પોલીસ અધિક્ષક જનેશ્વર નલવાયાની સીધી દેખરેખ હેઠળ સાયબર ક્રાઈમ પોલીસે એક મોટી સફળતા મેળવી છે. બેંક કર્મચારી સાથે ફ્રોડ આચરીને ફરાર થઈ ગયેલા ડાંગ પોલીસની ટીમે તાત્કાલિક છત્તીસગઢ પહોંચીને આરોપી પ્રિયાંશુ મહેન્દ્ર ચંદ્રાકર (ઉંમર વર્ષ ૨૨)ને ઝડપી લીધો હતો. પકડાયેલો આરોપી છત્તીસગઢ રાજ્યના દુર્ગ તાલુકાના અંડા પોલીસ સ્ટેશન હેઠળ આવતા ચંદખુરી ગામના સડકપારા વિસ્તારનો રહેવાસી છે. પોલીસ તેને ડાંગ-આહવા ખાતે લાવી સઘન પૂછપરછ હાથ ધરીને કાયદેસરની અટકાયત કરી આગળની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે પકડાયેલા આરોપી પાસેથી ગુનામાં વપરાયેલા સાધનો સહિત કુલ રૂપીયા ૧,૩૮,૫૦૦/- નો મુદ્દામાલ પણ રિકવર કર્યો છે. જેમાં ૨ નંગ કોમ્પ્યુટર, ૧ નંગ લેપટોપ, ૧ નંગ રાઉટર અને ૧ નંગ મોબાઈલ ફોનનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ડાંગ પોલીસ દ્વારા નાગરિકોની સુરક્ષા માટે વિવિધ હેલ્પલાઈન નંબર પણ જાહેર કરવામાં આવ્યા છે, જેમાં સાયબર ફ્રોડનો ભોગ બનવા પર તાત્કાલિક ૧૯૩૦ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## ખાનવેલ મામલતદાર સામે કોંગ્રેસના ગંભીર આક્ષેપ : કાર્યવાહીની માંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૯ :** દાદરા અને નગર હવેલી પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ પ્રભુ ટોકિયાએ જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી ખાનવેલ મામલતદાર ભવેશ પટેલ [illegible] મામલતદારને તાત્કાલિક સસ્પેન્ડ કરી સમગ્ર મામલે સ્વતંત્ર વિજિલન્સ તપાસ શરૂ કરવાની માંગણી કરી છે.

કોંગ્રેસના આક્ષેપ મુજબ તેમના દ્વારા કાયદાના અમલમાં બેવડાધોરણ અપનાવવામાં આવી રહ્યું છે. વધુમાં એવો દાવો પણ કરાયો છે કે મામલતદારની આવક કરતાં વધુ સંપત્તિ અંગે પણ બે લેખિત ફરિયાદો મળી છે. જેની તપાસ કરાવવા માંગ કરવામાં આવી છે.

કોંગ્રેસની અન્ય માંગણીમાં તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી મામલતદારનું સસ્પેન્શન અને વિવાદિત તથા કથિત તોડફોડ કાર્યવાહી પર રોકનો સમાવેશ થાય છે.

## વલસાડ અને લાલકુઆન વચ્ચે ખાસ ટ્રેન ચાલુ કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** મુસાફરોની સુવિધા માટે, વધતી જતી મુસાફરીની માંગને પહોંચી વળવા અને ભીડને નિયંત્રિત કરવા માટે, પશ્ચિમ રેલ્વે વલસાડ અને લાલકુઆન સ્ટેશનો વચ્ચે ખાસ ભાડા પર ખાસ ટ્રેનો ચલાવશે. પશ્ચિમ રેલ્વેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, ટ્રેન નંબર ૦૫૩૪૩/૦૫૩૪૪ વલસાડ-લાલકુઆન સ્પેશિયલ ટ્રેન (૧૦ ટ્રિપ્સ) ટ્રેન નંબર ૦૫૩૪૩ વલસાડ-લાલકુઆન સ્પેશિયલ દર શુક્રવારે વલસાડથી ૧૫:૨૫ વાગ્યે ઉપડશે અને આગામી શનિવારે ૧૭:૪૫ વાગ્યે લાલકુઆન પહોંચશે. આ ટ્રેન ૧૨ જૂન, ૨૦૨૬ થી ૧૦ જુલાઈ, ૨૦૨૬ સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૫૩૪૪ લાલકુઆં-વલસાડ સ્પેશિયલ દર ગુરુવારે સવારે ૯:૦૦ વાગ્યે લાલકુઆંથી ઉપડશે અને આગામી શુક્રવારે બપોરે ૧૨:૦૦ વાગ્યે વલસાડ પહોંચશે. આ ટ્રેન ૧૧ જૂન, ૨૦૨૬ થી ૯ જુલાઈ, ૨૦૨૬ સુધી ચાલશે. આ ટ્રેન સુરત, છાયાપુરી, રતલામ, કોટા જંકશન, સવાઈ માધોપુર જંકશન, ભરતપુર જંકશન, મથુરા જંકશન, મથુરા કેન્ટ, કાસગંજ, બદાયૂં અને બરેલી સિટી જંકશન સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે. આ ટ્રેનમાં એસી, સ્લીપર અને સેકન્ડ ક્લાસ જનરલ કોચ હશે. ટ્રેન નં. ૦૫૩૪૩ માટે બુકિંગ ૧૧.૦૬.૨૬ ના રોજ સવારે ૮:૦૦ વાગ્યે બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

**CHANGE OF NAME**

OLD NAME DHRUVIL HIRALBHAI JOSHI NEW NAME DHRUVIL HIRAL JOSHI ADDRESS : J-705, DUNES HOUSING SOCIETY, NANI DAMAN-396210.

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૩૪૬/૨૦૨૫-૨૬

**અરજદાર : રમણભાઈ નીછાભાઈ પટેલ**
**રહે.** બાવળી ફળિયુ, પોવા ફેકટરીની પાછળ, માલનપાડા, તા. ધરમપુર, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ભુતસર**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રમણભાઈ નીછાભાઈ પટેલ રહે. બાવળી ફળિયુ, પોવા ફેકટરીની પાછળ, માલનપાડા, તા. ધરમપુર, જી.વલસાડ**એ તેમના ભત્રીજા રણછોડભાઈ લીમજીભાઈ પટેલનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૧ના રોજ મોજે ભુતસર તા. જી. વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૧૩૪૬/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૪૨૩/૨૦૨૫-૨૬

**અરજદાર : સુગરાબાનુ કાસમભાઈ કવલાની પુત્રી તે જફરખાન પઠાણની પત્ની**
**રહે.** ૨૬૯૧, લીમડાચોક, પારસીવાડ, પારડી, કિલ્લા પારડી, તા. પારડી, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ડુંગરી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સુગરાબાનુ કાસમભાઈ કવલાની પુત્રી તે જફરખાન પઠાણની પત્ની રહે. ૨૬૯૧, લીમડાચોક, પારસીવાડ, પારડી, કિલ્લા પારડી, તા. પારડી, જી.વલસાડ**એ તેમના પોતે સુગરાબાનુ કાસમભાઈ કવલાની જન્મ તા. ૧૯/૦૫/૧૯૬૭ ના રોજ મોજે ડુંગરી, તા.જી. વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૧૪૨૩/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૧૫૬/૨૦૨૫-૨૬

**અરજદાર : અશોકભાઈ રવજીભાઈ પટેલ**
**રહે.** ડુંગર ફળિયા, ડુંગરી, તા.જી. વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ડુંગરી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અશોકભાઈ રવજીભાઈ પટેલ રહે. ડુંગર ફળિયા, ડુંગરી, તા.જી. વલસાડ**એ તેમના ભાઈ નવીનકુમાર રવજીભાઈ પટેલનો જન્મ તા. ૦૭/૦૬/૧૯૭૦ ના રોજ મોજે ડુંગરી તા. જી. વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૧૧૫૬/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)**

---

**-:: જાહેર નોટીશ ::-**

**મે. ચીખલીના પ્રિન્સિપાલ સિનીયર સિવીલ જજ તથા એડીશનલ ચીફ જ્યુડી. મેજી. સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ચીખલી**

**ફોજદારી પરચુરણ અરજી નંબર : ૪૬/૨૦૨૬**

**અરજદાર : અક્ષય ભાણાભાઈ પટેલ**
**રહે.** ખડકીયા ફળીયા, દેગામ
તા.ચીખલી, જી.નવસારી **(અરજદાર વિ.વ.શ્રી : એ.એમ. પટેલ)**

**વિરૂધ્ધ**

**સામાવાળા : (૧) બી.બી. દેસાઈ હાઈસ્કુલ, દેગામ**
**તા.ચીખલી જી.નવસારી વિગેરે.....**
**ઠે. વિશાલ નગર, (શિક્ષણ શાખા) નવસારી તા.જી. નવસારી**

આથી હિત ધરાવતા પક્ષકારોને આ નોટીશથી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કામે અરજદારે તેમના **શાળા છોડ્યાનું પ્રમાણપત્ર જેનો જનરલ રજીસ્ટર નંબર ૮૬૯૮ તથા ઈન્ડેકસ નંબર - ૭૮.૦૪૬ છે જેમાં નમમાં Axay ને Akshay મુજબનો સુધારો કરવા માટેનો હુકમ મેળવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.** જેની સામે જે કોઈને વાંધો રજુ કરવા અગર હોય તેમણે મુદત તારીખ **૦૪/૦૭/૨૦૨૬** ના રોજ અગર તે પહેલા અત્રેની કોટૃમાં વાંધા રજુ કરવા અગર જો કોઈ રજુ ન થાય તો આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની જાહેર જનતાને નોંધ લેવી.

આજ તા. ૦૫ મી માહે : જુન સને : ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યા.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | કોર્ટનો સિક્કો | સહી/- |
| આસીસ્ટન્ટ | સુપ્રિટેન્ડન્ટ | | રજીસ્ટ્રાર |
| એડી.ચીફ જ્યુડી. મેજી. કોર્ટ ચીખલી | એડી.ચીફ જ્યુડી. મેજી. કોર્ટ ચીખલી | | એડી.ચીફ જ્યુડી. મેજી. કોર્ટ ચીખલી |

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં. ૭૨૬/૨૦૨૫-૨૬

**અરજદાર : સુધાબેન અમ્રતભાઈ પટેલ**
**રહે.** રોણવેલ, તા.જી. વલસાડ, તા.જી. વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, રોણવેલ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સુધાબેન અમ્રતભાઈ પટેલ રહે. રોણવેલ, તા.જી. વલસાડ, તા.જી. વલસાડ** એ તેમના સસરા મંગુભાઈ લક્ષ્મણભાઈ પટેલનું મરણ તા. ૦૨/૧૧/૧૯૮૮ ના રોજ મોજે રોણવેલ, તા. જી. વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૭૨૬/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**

**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**

સંપર્ક નંબર :૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૫૬/૨૦૨૬ તા.૦૪/૦૬/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** ગાંવિત બિસ્તુભાઈ બજનભાઈ, રહે. ખાંડા, ગાંવિત ફ., તા. ધરમપુર, જિ. વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત ખાંડા, તા. ધરમપુર, જી. વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી ગાંવિત બિસ્તુભાઈ બજનભાઈ રહે. ખાંડા, ગાંવિત ફ., તા. ધરમપુર, જિ. વલસાડના પુત્ર કલ્પેશભાઈ બિસ્તુભાઈ ગાંવિતનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૮૪ના રોજ ખાંડા ખાતે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૪/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૩૯૩/૨૦૨૫-૨૬

**અરજદાર : પટેલ નિતેશભાઈ જયસિંગભાઈ**
**રહે.** પાખરીયાવાડ ફળિયા, ફલધરા, તા.જી. વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ફલધરા, તા.જી. વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી પટેલ નિતેશભાઈ જયસિંગભાઈ રહે. પાખરીયાવાડ ફળિયા, ફલધરા, તા.જી. વલસાડએ તેમના કાકી કલાબેન જયસિંગ ભાઈનું મરણ તા. ૧૯/૦૨/૧૯૯૧ના રોજ મોજે ફલધરા તા. જી. વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૧૩૯૩/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)**

---

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શહેર)નીકોર્ટમાં**

જ.પ.પ.અ.નં. ૮૫/૨૦૨૬

**અરજદાર : વિનુભાઈ ઢેડાભાઈ પટેલ**
**રહે. પટેલ ફળિયા, કરવડ, વાપી, તા. વાપી, જી. વલસાડ**

**વિરુધ્ધ**

**સામાવાળા : સબ રજીસ્ટાર, વાપી મહાનગર પાલિકા તા. વાપી જી. વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ -૧૩(૩)અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતો વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે, અરજદારશ્રી વિનુભાઈ ઢેડાભાઈ પટેલ રહે. પટેલ ફળિયા, કરવડ, વાપી, તા. વાપી, જી. વલસાડનાઓએ તેમના માતાશ્રી સ્વ. મંછીબેન ઢેડાભાઈ પટેલનું મરણ તા. ૧૬/૧૦/૧૯૯૭ ના રોજ મોજે કરવડ, તા. વાપી, ખાતે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેથી કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા પોતાના વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલદાર, વાપી(શહેર), તા.વાપીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૬/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/જન્મ-મરણ/ર.જી.નં.૮૫/વશી/૬૨૬/૨૦૨૬**
**એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શ) ની કચેરી**
**તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે બલિઠા,**
**તા. વાપી, જી. વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ**
**વાપી (શહેર)**

---

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શહેર)નીકોર્ટમાં**

જ.પ.પ.અ.નં. ૮૧/૨૦૨૬

**અરજદાર : રૂપેશ સહદેવ ઠાકુર**
**રહે.સંત કબીર નગર, માનવ ધર્મ આશ્રમ પાસે**
**ચણોદ,વાપી.તા.વાપી.જી.વલસાડ**

**વિરુધ્ધ**

**સામાવાળા : ચીફ ઓફિસરશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી**
**વાપી મહાનગરપાલિકા તા. વાપી જી. વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ -૧૩(૩)અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતો વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે, અરજદારશ્રી રૂપેશ સહદેવ ઠાકુર રહે.સંત કબીર નગર, માનવ ધર્મ આશ્રમ પાસે ચણોદ, વાપી.તા. વાપી.જી.વલસાડનાઓએ તેમના પુત્ર નરેન્દ્ર રૂપેશ ઠાકુરનું જન્મ તા.૧૪/૧૧/૨૦૧૨ ના રોજ મોજે-ભાવિની મેટરનીટી હોમ એન્ડ વેલ બેબી કિલનીક વાપી. તા.વાપી ખાતે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેથી કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા પોતાના વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલદાર, વાપી(શહેર), તા.વાપીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૮/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/જન્મ-મરણ/ર.જી.નં.૮૧/વશી/૬૧૫/૨૦૨૬**
**એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શ) ની કચેરી**
**તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે બલિઠા,**
**તા. વાપી, જી. વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ**
**વાપી (શહેર)**










# ભારત મારબલ વોટરપ્રુફીંગ

વાંચશો તો જાણશો ને?
ખુશખબર... ખુશખબર...
શુ તમારું ધાબુ લીક થાય છે ???
શુ તમારા ધાબામાંથી પાણી ટપકે છે? તદ આના માટે ભારત મારબલ નવી ટેકનીક લઈને આવ્યા છે.
દર વર્ષની વોરંટી સાથે ધાબાનું લીકેજ બંધ કરી દેવામાં આવશે.
ઉપરાંત દશ વર્ષની લેખીત વોરંટી આપવામાં આવશે.

પધ્ધતિસર ધારા પર ઈટાલીયન માર્બલ પેસ્ટ કરી આપવામાં આવશે

અમારી કામ કરવાની પદ્ધતિ
- ધાબુ વોશ કરી એના પર પીછી કેમીકલ લગાડવામાં આવે છે
- પીછી લાગ્યા પછી પ્લાસ્ટર ઉપર ૩ થી ૪ એમએમ માલ ચડાવવામાં આવે છે
- ત્યારબાદ કેમીક

ચંદન મેહરા મો. ૯૭૨૫૨૧૪૮૧૪

હવે શું વિચારો છો ? આજે જ સંપર્ક કરો : નોંધ એડવાન્સ બુકીંગ ચાલુ છે એક જ કોલ કરો, માણસ વિઝીટ માટે આવી જશે. વીઝીટનો કોઈ ચાર્જ નથી



Wednesday 10, June 2026

# દમણગંગા ટાઇમ્સ


## ધરમપુરના રાજ ઉપહાર કંપનીનો વિવાદ ઉકેલાયો

**પૂર્વ સાંસદ કિશનભાઈ પટેલની મધ્યસ્થીથી સમાધાનનો માર્ગ નીકળતા ધરણા પર રહેલી બહેનોને ફરી પોતાની ફરજ પર પરત લેવામાં આવી**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૯ :** આસુરાગામ સ્થિત રાજ ઉપહાર કંપનીમાં કર્મચારીઓની વિવિધ માંગણીઓ અને વેતન સંબંધિત મુદ્દે છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલો વિવાદ સમાધાનથી ઉકેલાઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.

ઉપરોક્ત વિષય અનુરૂપ છેલ્લા કેટલાક દિવસોથી કેટલીક મહિલા કર્મચારીઓ ધરણા પર પણ ઉતરી હતી. રવિવારના દિને પૂર્વ સાંસદ કિશનભાઈ પટેલની મધ્યસ્થી હેઠળ તેમના હોદ્દેદારો તેમજ શ્રીમદ રાજચંદ્ર મેનેજમેન્ટ ગ્રુપના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ હતી. બેઠકમાં ચર્ચા-વિચારણા બાદ સમાધાનનો માર્ગ નીકળતા ધરણા પર રહેલી બહેનોને ફરી પોતાની ફરજ પર પરત લેવામાં આવી હતી.વિવાદનો અંત સમાધાનપૂર્ણ રીતે આવતાં કર્મચારીઓમાં રાહતની લાગણી જોવા મળી હતી



## વાપી-સેલવાસ રોડ પર બે કી.મી.ના ટ્રાફિકજામથી વાહનચાલકો પરેશાન થયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** વાપી-સેલવાસ રોડ ઉપર છેલ્લા ત્રણ કલાકથી ભારે ટ્રાફિકજામની સમસ્યા તેમજ વહનોની એકથી બે કિલોમીટર લાંબી લાઈનો લાગી જવા પામી હતી રાહદારી તેમજ વાહન ચાલકો પરેશાન બન્યા છે.

પ્રાપ્ત વિગત મુજબ આજે વાપી- સેલવાસ રોડ એટલે કે વાપી જીઆઈડીસી ચાર રસ્તાથી ડુંગરા દાદરા ચેકપોસ્ટ સુધીના મુખ્ય માર્ગ ઉપર સાંજે ૫ થી રાત્રે ૮:૩૦ કલાક સુધીના સમય દરમિયાન ભારે ટ્રાફિકની સમસ્યા ઊભી થવા પામી છે. જોકે આ માર્ગ ઉપર કોઈ અકસ્માત કે માર્ગ રીપેરીંગનું કામ પણ ચાલતું ન હોવા છતાં ટ્રાફિક હોવાનું મુખ્ય કારણ અહીં ન કોઈ ટ્રાફિક પોલીસ કે સ્થાનિક પોલીસ પણ ન હોવાને કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાઇ હોવાનું જણાઈ રહ્યું છે. જોકે ખાસ કરીને ડુંગરાથી દાદરા સુધીના માર્ગ ઉપર લગભગ ૧ થી ૨ કીમી લાંબી વાહનોની લાઈન લાગી જવા પામી છે. જેને લઈ આ માર્ગ ઉપરથી પસાર થતાં રાહદારીઓ અને વાહન ચાલકો તેમજ સ્થાનિક લોકો મુશ્કેલીમાં મુકાયા છે અને ત્રાહિમામ પોકારતા થયા છે. આ અંગે વાપી વિભાગના જવાબદાર ટ્રાફિક પોલીસ તેમજ સ્થાનિક પોલીસ દ્વારા તાત્કાલિક વાપી- સેલવાસ રોડ ઉપર સાંજે ૫:૦૦ થી રાત્રે ૯ કલાક દરમિયાન જવાબદાર ટ્રાફિક પોલીસ ની ટીમ રાખી ટ્રાફિકની સમસ્યાથી વાપીવાસીઓને પડતી મુશ્કેલીઓ દૂર કરે તે જરૂરી છે.

## વલસાડમાં ૭ વર્ષની બાળકીની જાતીય સતામણી કરનાર પાડોશી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** વલસાડના પારડી સાંઢપોર વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટમાં ૭ વર્ષની માસૂમ બાળકી સાથે પડોશમાં જ રહેતા એક શખ્સે જાતીય સતામણી કરી હોવાની શરમજનક ઘટના સામે આવતા માતાની ફરિયાદ આધારે વલસાડ સીટી પોલીસે નરાધમ આરોપીની ધરપકડ કરી જેલમાં ધકેલી દીધો છે.

વલસાડ શહેરના પારડી સાંઢપોર વિસ્તારમાં આવેલ એક એપાર્ટમેન્ટમાં રહેતી ૭ વર્ષની બાળકી એપાર્ટમેન્ટના પાર્કિંગમાં રમી રહી હતી. તે દરમિયાન ફલેટમાં ઉપર આવી ત્યારે પડોશમાં ફ્લેટ નંબર ૪૦૧ માં રહેતા અજીતભાઈ દત્તુભાઈ ગાયકવાડ નામના શખ્સે બાળકીને પોતાના ઘરે બોલાવી હતી. આ શખ્સે બાળકીને પોતાના મોબાઈલ ફોનમાં અશ્લીલ અને નગ્ન વીડિયો બતાવી બિભત્સ ચેષ્ટાઓ કરી હતી. જ્યારે માસૂમ બાળકી ત્યાંથી ભાગવા ગઈ ત્યારે આરોપીએ તેનો હાથ પકડી લીધો હતો અને જાતીય સતામણી કરી હતી. બાળકી જેમ-તેમ કરીને ત્યાંથી છૂટીને પોતાના ઘરે પહોંચી હતી અને તેની મોટી બહેન મારફતે માતાને સમગ્ર આપવીતી જણાવી હતી.

બનાવની જાણ થતાં જ માતાએ પડોશના અન્ય રહીશોને સાથે રાખી આરોપીના ઘરે જઈ પૂછપરછ કરી હતી. આ સમયે આરોપી ગભરાઈ ગયો હતો અને દરવાજો બંધ કરી દીધો હતો, પરંતુ તેની શંકાસ્પદ હાલત જોઈને પરિવારે તાત્કાલિક '૧૧૨' પર ફોન કરીને પોલીસને જાણ કરી હતી. વલસાડ સીટી પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને આરોપીને ઝડપી પાડી પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી.વલસાડ સીટી પોલીસે આ મામલે ભોગ બનનાર બાળકીની માતાની ફરિયાદના આધારે આરોપી અજીતભાઈ દત્તુભાઈ ગાયકવાડ નામના ઈસમની ધરપકડ કરી જેલમાં ધકેલી દીધો છે.

### વર્ષોની માંગણી સંતોષાઈ

## સરીગામમાં બે નવી એસટી બસ સેવાઓનો પ્રારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૯ :** સરીગામ અને આસપાસના અંતરિયાળગામોના લોકો માટે ખુશીના સમાચાર વચ્ચે એસટી વિભાગ દ્વારા બે નવી બસ સેવાઓનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સ્થાનિક આગેવાનોની લેખિત રજૂઆત અને રૂબરૂ મુલાકાત બાદ ભીલાડથી દમણ તથા ભીલાડથી મરોલી રૂટ પર બસ સેવા શરૂ કરવામાં આવી છે. નવી બસ સેવાઓમાં ભીલાડ-સરીગામ ત્રણ રસ્તા-અણગામ-પુનાટ-એકલારા થઈ દમણ સુધી ૮ ફેરા તેમજ ભીલાડ-સરીગામ ભંડારવાડ બાયપાસ ચાર રસ્તા-માંડા-સરઈ થઈ મરોલી સુધી ૮ ફેરા શરૂ કરાયા છે. બસ સેવાનો પ્રારંભ સરીગામ ત્રણ રસ્તા અને ભંડારવાડ ચાર રસ્તા ખાતે શ્રીફળ વધેરી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્ય નૂતનબેન ભંડારી, તાલુકા પંચાયત ઉમરગામના વિપક્ષના નેતા રાકેશ રાય, સરપંચ સહદેવભાઈ વઘાત, એસટી વિભાગ વાપીના સિનિયર અધિકારી ધનસુખભાઈ પટેલ સહિત અનેક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

વર્ષોથી બસ સેવાની રાહ જોતા ગ્રામજનો માટે આ સેવા આશીર્વાદરૂપ સાબિત થશે. નવી બસ સેવાઓથી વિદ્યાર્થીઓ, નોકરિયાતો, શ્રમિકો, મહિલાઓ અને આદિવાસી વિસ્તારોના લોકોને પરિવહનની સુવિધા સરળ બનશે. બસ સેવા શરૂ થતાં ગ્રામજનોએ આનંદની લાગણી વ્યક્ત કરી એસટી વિભાગ અને અધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## વાપી શહેર કોંગ્રેસના મહામંત્રી ૬ મહિના માટે સસ્પેન્ડ

**રિતેશ ભાનુશાલી સામે કોંગ્રેસ પ્રમુખની મંજૂરી વિના પ્રેસ કોન્ફરન્સ બોલાવી શિસ્તભંગ કરવાના મામલે કાર્યવાહી થઈ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી તા. ૦૯ :** વાપી શહેર કોંગ્રેસ સમિતિએ સંગઠનાત્મક શિસ્તના ભંગના આરોપસર વોર્ડ-૫ના કોંગ્રેસ સાથે સંકળાયેલા નેતા રિતેશ એચ. ભાનુશાલી સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. વાપી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મહેશશાહ દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ, પ્રમુખની પૂર્વ મંજૂરી લીધા વિના સત્તાવાર મીડિયા આમંત્રણ જારી કરી પ્રેસ કોન્ફરન્સ યોજવાના મામલે તેમને તમામ સંગઠનાત્મક જવાબદારીઓમાંથી તાત્કાલિક અસરથી મુક્ત કરવામાં આવ્યા છે. કારણદર્શક નોટિસ બાદ આપવામાં આવેલા જવાબ અને વ્યક્તિગત સુનાવણી દરમિયાન રજૂ થયેલા મુદ્દાઓની સમીક્ષા કર્યા બાદ સમિતિએ નોંધ્યું હતું કે મીડિયા આમંત્રણમાં પ્રમુખનું નામ દર્શાવવામાં આવ્યું નહોતું તેમજ રજૂ કરાયેલ સ્પષ્ટીકરણ સંતોષકારક ન હતું. ઉપરાંત, સંગઠનાત્મક શિસ્ત અને સંચાર પ્રોટોકોલની અવગણના કરવામાં આવી હોવાનું પણ માનવામાં આવ્યું છે.

સમિતિના આદેશ મુજબ રિતેશ ભાનુશાલીને આગામી ૬ મહિના સુધી વાપી શહેર કોંગ્રેસ સમિતિનું પ્રતિનિધિત્વ કરવા, સમિતિ વતી કોઈ નિવેદન આપવા કે સત્તાવાર સંચાર જારી કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ કાર્યવાહીથી સ્થાનિક રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે અને કોંગ્રેસે સંગઠનાત્મક શિસ્ત જાળવવા માટે કડક વલણ અપનાવ્યાનો સંદેશ આપ્યો છે.

### સ્વચ્છ ભારત મિશન અને અતુલ ફાઉન્ડેશન વચ્ચે

## વલસાડ તાલુકામાં ૪૦ ગામોના ઘન કચરા વ્યવસ્થાપન માટે MOU



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** ૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જન કલ્યાણ નેજા હેઠળ વલસાડમાં જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. જેના ભાગરૂપે જીલ્લા કલેકટર નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ વલસાડ તાલુકામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અને અતુલ ફાઉન્ડેશન (CSR) ના સહયોગથી યોજાયેલી બેઠકમાં તાલુકાની ૩૯ ગ્રામ પંચાયતોના ૪૦ ગામોમાં ઘન કચરાના અસરકારક અને વૈજ્ઞાનિક વ્યવસ્થાપન માટે અતુલ ફાઉન્ડેશન સાથે ત્રિપક્ષીય સમજૂતી કરાર MOU કરવામાં આવ્યા હતા. ગામોમાં સ્વચ્છતા, આરોગ્ય અને પર્યાવરણ સંરક્ષણનેપ્રોત્સાહન આપવાના હેતુથી થયેલા આ કરાર અંતર્ગત ઘર, દુકાનો, સંસ્થાઓ અને જાહેર સ્થળોએથી ઉત્પન્ન થતા ભીના અને સૂકા કચરાનું ઉદ્ભવ સ્થાને જ વિભાજન કરવામાં આવશે. ત્યારબાદ આ કચરાનો દૈનિક ધોરણે નિયમિત સંગ્રહ, સુરક્ષિત પરિવહન, પ્રોસેસિંગ અને નિયમો અનુસાર તેનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાની સઘન કામગીરી હાથ ધરવામાં આવશે.

બેઠક દરમિયાન જિલ્લા ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેટર અને લક્ષ્ય કન્સલ્ટન્ટશ્રી દ્વારા 'Solid Waste Management (SWM) Rules 2026' અને આ કરારના અમલીકરણ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી જીગ્નાબેન પટેલ, તાલુકા પંચાયત સભ્ય ધર્મેશભાઈ પટેલ, વલસાડના TDO, ATDO, અતુલ ફાઉન્ડેશનની ટીમ, SBM-G સ્ટાફ, તેમજ વિવિધ ગામોના તલાટીઓ અને સરપંચો ઉપસ્થિત રહ્યા હતા અને પ્રોજેક્ટને સફળ બનાવવા માટે સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી.

## વાપી જનસેવા સર્કલ પાસે ડ્રેનેજનું ચેમ્બર ઉભરાતા ગંદકી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** વાપીના જનસેવા હોસ્પિટલ સામે આવેલ તુલસી અપાર્ટમેન્ટ મુખ્ય માર્ગની ડ્રેનેજ લાઈન ઉભરાતા આખા રસ્તા ઉપર ખરાબ ગંદુ પાણી વહેતું જોવા મળ્યું સ્થાનિક દુકાનદારો અને રાહદારીઓ પરેશાન બન્યા તાત્કાલિક મહાનગરપાલિકામાં ફરિયાદ કરતા ડ્રેનેજ લાઈનનું સમારકામ શરૂ કરાયું હતું.

વાપી મહાનગરપાલિકાના વોર્ડ નંબર આઠમાં આવતા રામદેવપીર મંદિરથી આશિયાના કોમ્પલેક્ષ સુધીના માર્ગ ઉપર આવેલ તુલસી એપાર્ટમેન્ટ સામેના માર્ગ ઉપરથી પસાર થતી પાલિકાની ડ્રેનેજ લાઈનનું ચેમ્બર છેલ્લા કેટલાક દિવસથી ઉભરાઈ રહ્યું છે અને આ ડ્રેનેજ લાઈનનું ગંદુ પાણી મુખ્ય માર્ગ ઉપર તેમજ વાપી-કચીગામ રોડ ઉપર આવેલ મહારાણા પ્રતાપ સર્કલ સુધી પહોંચી રહ્યું છે.

જે અંગે આ માર્ગ ઉપરથી પસાર થતાં રાહદારીઓ તેમજ દુકાનદારો અને વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. જેને લઇ આજે વાપી મહાનગરપાલિકાના ડ્રેનેજ વિભાગમાં ફરિયાદ કરતા તાત્કાલિક પાલિકાના મેન્ટેનન્સ વિભાગના કર્મચારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતાં અને આ ઉભરાતી ગટરના ચેમ્બરનું રીપેરીંગ કામ શરૂ કરાયું હતું. જો કે વાપી મહાનગરપાલિકામાં વર્ષે કરોડો રૂપિયાના ખર્ચે ડ્રેનેજ લાઈન સાફ-સફાઈ નો કોન્ટ્રાક્ટ તેમજ પ્રિમોન્સૂન કામગીરી હાલમાં ચાલી રહી છે તો શું આ ડ્રેનેજ લાઈન ની સફાઈ કરાઈ નથી કે કેમ તેવા પ્રશ્નો પણ ઊભા થઈ રહ્યા છે.

**ટ્રાફિક પોલીસ, ટીઆરબી અને હોમગાર્ડ માત્ર શોભાના ગાંઠિયા સમાન**

## વાપી જીઆઈડસી અને ટાઉનના મુખ્ય સર્કલ અને પોઈન્ટ પર ટ્રાફિકજામથી લોકો ત્રાહીમામ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** વાપી જીઆઈડીસી તેમજ ટાઉન વિસ્તારના તમામ ચાર રસ્તા મુખ્ય જંકશન અને ગુંજન વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યાથી વહનચાલકો તેમજ રાહદારીઓ પરેશાન બન્યા. ટ્રાફિક પોલીસ, હોમગાર્ડ અને ટીઆરબીના જવાનો માત્ર મુક્તેક્ષક અને મોબાઈલ ફોનમાં મસગુલ જોવા મળી રહ્યા છે. જવાબદાર અધિકારીઓ આ અંગે સ્થળ તપાસ કરી કાર્યવાહી કરે તે જરૂરી છે. વાપીમાં ટ્રાફિકની સમસ્યા દિવસ અને દિવસે ખૂબ જ વધી રહી છે જેનું મુખ્ય કારણ ટ્રાફિક પોલીસ અને અણ આવડત ધરાવતા ટીઆરબી અને હોમગાર્ડના જોવાનો હોવાનું બહાર આવી રહ્યું છે. જે અંગે વાહન ચાલકો અને રાહદારીઓમાં થતી ચર્ચા મુજબ છેલ્લા કેટલાક સમયથી વાપી જીઆઈડીસીના પ્રાઈમ હોટલ સર્કલ, મોરારજી સર્કલ, વીઆઈએ ચાર રસ્તા, આદિત્ય બિરલા સર્કલ, રેમન સર્કલ, અંબે માતા મંદિર પાસેના સર્કલ તેમજ ગુંજન વિસ્તારનું વંદે માતરમ ચોક સાથે નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ પેપીલોન હોટલ સામેનો હાઈવે બ્રિજ નીચેના વિસ્તારમાં વહેલી સવારમાં અને સાંજે ૪:૩૦ થી રાત્રે ૮ વાગ્યા સુધી ભારે ટ્રાફિક જામના દ્રશ્ય જોવા મળી રહ્યા છે. જે અંગે ખાસ કરીને અહીં તેનાદ કરવામાં આવેલા જીઆઈડીસી અને ટાઉન પોલીસ મથકના ટ્રાફિક પોલીસો તેમજ ટીઆરબી અને હોમગાર્ડને આ સર્કલ ઉપર ટ્રાફિકની સમસ્યા દૂર કરવા માટે મુકાયા હોય છે.

પરંતુ આ ટ્રાફિક પોલીસ સાથે મળી કેટલાક બાઈક અને મોપેડ ચાલકોને રોકી તેની સામે હેલ્મેટ પહેર્યા વગર કે પીયુસી અથવા જરૂરી કાગડો સાથે ન રાખવા અંગે નો દંડ ફટકારતા જોવા મળે છે. પરંતુ અહીંથી કાળા કાચ વાળી લક્ઝરી કાર તેમજ અન્ય કારવાળાને રોકતા પણ નથી જ્યારે નહીં તેનાંદ કરવામાં આવેલા હોમગાર્ડ અને ટીઆરબીના જવાનો મોટાભાગે પોતાની પાસે રહેલા એન્ડ્રોઈડ મોબાઈલ ફોનમાં ગેમ રમતા કે રીલ જોતા જોવા મળે છે અહીં તેઓ માત્ર નામ પૂરતા જ ઉભા રહે છે. આ અંગે વાપીમાં નવું શરૂ થયેલું ટ્રાફિક પોલીસ વિભાગના પીઆઈ કાનાની અને તેમની ટીમ તેમજ સ્થાનિક પોલીસ વિભાગના જવાબદાર અધિકારીઓ દ્વારા આ ઉપરોક્ત સર્કલ ઉપર જાત તપાસ કરી જરૂરી પગલાં લેવામાં આવે તેવી માંગ સ્થાનિક લોકો તેમજ રાહદારી અને વાહન ચાલકો કરી રહ્યા છે. જો શક્ય હોય તો વર્ષો પહેલા વાપીમાં શરૂ થયેલા ટ્રાફિક સિગ્નલ ફરીથી વાપીના મુખ્ય સર્કલ ઉપર ફરીથી ટ્રાફિક સિગ્નલ શરૂ કરવામાં આવે તો ટ્રાફિકની સમસ્યાનો હલ પણ થવાની શક્યતા છે.

### માનવ પરિવાર ટ્રસ્ટ દ્વારા

## નાનાપોઢા વિસ્તારમાં ભટકતા બે મનોદિવ્યાંગ વ્યક્તિઓનું સફળ રેસ્કયુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૦૯ :** વલસાડ જિલ્લાના નાનાપોઢા નજીક ચીવલ વિસ્તારમાં લાંબા સમયથી રસ્તા પર ભટકતા બે મનોદિવ્યાંગ વ્યક્તિઓને માનવ પરિવાર ટ્રસ્ટ, પાલીતાણા દ્વારા સફળતાપૂર્વક રેસ્કયુ કરવામાં આવ્યા હતા. આ કામગીરી સ્થાનિક સેવાભાવી આગેવાનો અને રિલીફ ફાઉન્ડેશન ગ્રુપના સંકલનથી હાથ ધરાઈ હતી. મળતી માહિતી મુજબ, ચીવલ વિસ્તારમાં એક મહિલા અને એક પુરુષ મનોદિવ્યાંગ હાલતમાં રસ્તા પર રઝળતા હોવાની માહિતી મળતા રિલીફ ફાઉન્ડેશન ગ્રુપ દ્વારા માનવ પરિવાર ટ્રસ્ટનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ટ્રસ્ટના નીરવભાઈ મોરડીયા અને અશ્વિનભાઈ અસલલિયા વહેલી સવારે નાનાપોઢા પહોંચી રેસ્કયુ કામગીરી શરૂ કરી હતી. ટીમે બંને વ્યક્તિઓને સમજાવી શાંતિપૂર્ણ રીતે સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા. સમગ્ર કામગીરી દરમિયાન સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોએ પણ સહકાર આપ્યો હતો. બાદમાં ટીમ પોલીસ મથકે પહોંચી જરૂરી કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી હતી. ગુજરાતભરમાં મનોદિવ્યાંગ, રઝળતા અને બિનવારસી ભાઈ-બહેનોને આશરો, સારવાર અને સંભાળ પૂરી પાડતી માનવ પરિવાર ટ્રસ્ટની કામગીરીને સ્થાનિક લોકોએ બિરદાવી હતી. રેસ્કયુ કરાયેલા બંને વ્યક્તિઓને હવે યોગ્ય સારવાર અને સંભાળ માટે સંસ્થામાં મોકલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.સંસ્થાના સંચાલક ધવલભાઈ ભાયાણીએ અપીલ કરી છે કે વિસ્તારમાં કોઈ ભટકતી અથવા મનોદિવ્યાંગ વ્યક્તિ નજરે પડે તો લોકો ૯૭૧૨૦૪૯૧૨૬ નંબર પર સંપર્ક કરી માનવતાની કામગીરીમાં સહભાગી બને.



આજે સાંજે પશ્ચિમ આકાશમાં સામાન્ય લોકોથી માંડીને ખગોળશોખીનોએ એક દુર્લભ ખગોળીય દ્રશ્ય જોયુ જેમાં આકાશમાં દેખાતા બે તેજસ્વી ગ્રહો શુક્ર અને ગુરુ એક બીજાથી માંડ દોઢ ડીગ્રીના અંતરે આવી ગયા હતાં. આ બંને ગ્રહો વચ્ચે એ સમયે સરેરાશ અંતર અવકાશમાં લગભગ ૬૬ કરોડ કિલોમીટરનું હતું. કોઈપણ સાધન વગર નરી આંખે આ દ્રશ્ય જોવું રસપ્રદ હતું. હવે પછી આવી યુતિ ૦૯-૧૧-૨૦૨૮ ના રોજ વહેલી સવારે પૂર્વ દિશામાં જોવા મળશે.

## ઓરવાડ શાકભાજી માર્કેટ દુર્ઘટનામાં વધુ એક ઈજાગ્રસ્તનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૯ :** પારડી તાલુકાના ઓરવાડગામે શાકભાજી માર્કેટમાં ગત શુક્રવારે સ્લેબ તુટી પડતા ત્રણ વ્યક્તિઓ દબાઈ ગયા હતા. આ ઘટનાને પગલે અફરાતફરી મચી ગઇ હતી. લોકો એકત્રિત થઈ કાટમાળને ખસેડવાની કામગીરી કરી દબાયેલ વ્યક્તિઓને બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાં એક શાકભાજી લેવા આવેલ ગ્રાહક મનોજ ગૌરીશંકર કુસ્વાહ (ઉ.વ.૨૦) નું મોત નીપજ્યું હતું. જ્યારે માતાફેર શેરબહાદુર ખેરવાર (ઉ.વ.૬૧) અને અખિલેશ ગોપાલદાસ ગુપ્તા (ઉ.વ.૨૪) ને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડયા હતા.

ગંભીર રીતે ઘાયલ બન્ને ઈજાગ્રસ્તને વધુ સારવાર માટે વાપીની હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં બે પૈકી માતાફેર શેરબહાદુર ખેરવાર ઉ.વ.૬૧નું મોત નિપજતા મૃત્યુ આંક બે પર પહોચ્યો છે.


**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**